CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૫ જાન્યુઆરી ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ પૂનમ

વર્ષ : ૧૫
અંક : ૧૭૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ



### આસામ રાઈફલ્સના જવાનનો સાથી જવાનો પર ગોળીબાર, છને ઈજા

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૨૪ ।

દક્ષિણ મણિપુરમાં આસામ રાઈફલ્સના એક જવાને તેના સાથી જવાનો પર ગોળીબાર કરી દીધો હોવાની ઘટના સામે આવી રહી છે. જેમાં ૬ જવાનો ઘાયલ થયા છે. જ્યારે તેણે પોતાને ગોળી મારી આપઘાત કરી લીધો હતો. આ ઘટના એ. આર. બટાલિયનના કેમ્પસમાં બની હતી જ્યાં મણિપુરના ચુરાચંદપુરમાં રહેતા સૈનિકે પોતાના સાથી સૈનિકો પર બંદૂક વડે ઓપન ફાયરિંગ કરી દીધું હતું. માહિતી અનુસાર હુમલો કરનાર જવાન કુકી સમુદાયનો હતો. જેનું ઈજાને લીધે મોત નીપજ્યું હતું.

### વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની હત્યાના પ્રયાસ બદલ ૩૨ની ધરપકડ

। (એજન્સી) કરાકસ, તા.૨૪ ।

ક્રૂડ ઓઈલના ભંડાર પોતાના પેટાળમાં ધરબીને બેઠેલા દુનિયાના ગણતરીના દેશોમાં વેનેઝુએલાનો પણ સમાવેશ થાય છે. વેનેઝુએલામાં આજકાલ રાજકીય ઉથલ પાથલનો દોર ચાલી રહ્યો છે. વેનેઝુએલાની સુરક્ષા એજન્સીઓએ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની હત્યા કરવાના પ્રયાસ બદલ ૩૨ લોકોની ધરપકડ કરી છે અને અમેરિકા પર રાષ્ટ્રપતિની હત્યા કરવાનુ કાવતરૂ ઘડવાનો આરોપ મુકયો છે. આ મામલામાં પકડાયેલા લોકોમાં આમ નાગરિકો તેમજ સૈનિકો પણ સામેલ છે. માદુરોના એટર્ની જનરલ તારેક વિલિયમ સાબના કહેવા અનુસાર એક મહિનાની તપાસ બાદ ધરપકડોનો દોર શરૂ કરાયો હતો. તમામે આ કાવતરાની કબૂલાત કરી છે.

### દેશે ૨૨ જાન્યુઆરીએ ફરીથી દિવાળીની ઉજવણી કરી હતી

# બાબર કાળનો ઊંડો ઘા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાથી ભરાઈ ગયો : ગૃહમંત્રી અમિત શાહ

### ગૃહમંત્રીએ કહ્યું કે, ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિરને નષ્ટ કર્યું હતું, મોદીએ જ આટલા વર્ષો પછી તેનું નવીનીકરણ કરાવ્યું અને ત્યાં કોરિડોર બનાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશે ૨૨ જાન્યુઆરીએ ફરીથી દિવાળીની ઉજવણી કરી હતી. ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યાએ ફરી પોતાના રામના દર્શન કર્યા. અયોધ્યાના નવનિર્મિત રામ મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા સંપૂર્ણ વિધિ-વિધાન સાથે સંપન્ન થઈ હતી. આ ઐતિહાસિક દ્રશ્ય માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વએ જોયું.

આ અવસર પર માત્ર અયોધ્યા જ નહીં પરંતુ સમગ્ર દેશ રામમય હતો. બધાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. સર્વત્ર જય શ્રી રામના નારા, ભગવા ઝંડા અને ફટાકડા જોવા મળ્યા હતા. ભાજપે આ વાત મોદી માટે ગેરંટી તરીકે રજૂ કરી છે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ બાદ લોકોને સંબોધિત કરતી વખતે પીએમએ કહ્યું હતું કે બધું રામમાં જ છે. આ ક્ષણ અલૌકિક છે. આ ઘડીમાં આપણે બધા ભગવાન રામના આશીર્વાદ પામીએ છીએ. આ શ્રેણીમાં, મંગળવારે ગુજરાતના અમદાવાદના રાણીપ વિસ્તારમાં શ્રી રામજી મંદિરનું



પુનર્નિર્માણ કાર્ય પણ પૂર્ણ થયું હતું, જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભાગ લીધો હતો. શાહે મંગળવારે કહ્યું હતું કે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરના અભિષેક સમારોહથી લગભગ ૫૦૦ વર્ષ પહેલા મુઘલ શાસક બાબરના શાસન દરમિયાન લાગેલા ઊંડા ઘા રૂઝાયા છે. અમદાવાદમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહમાં હાજરી આપવા આવેલા શાહે કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિરમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' કરીને નોંધપાત્ર કામ કર્યું છે. સમગ્ર વિશ્વમાં ભગવાન રામના ભક્તો છેલ્લા ૫૦૦ વર્ષથી આ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા. તેઓ પૂછી રહ્યા હતા કે ભગવાન રામને તંબુમાંથી ભવ્ય મંદિરમાં ક્યારે બિરાજમાન કરવામાં આવશે. બાબરના જમાનામાં આપણા હૃદયમાં જે ઊંડો ઘા હતો તે ભૂંસી નાખ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૧૪ પહેલાની સરકારો દેશની સંસ્કૃતિ, ધર્મ અને ભાષાઓનું સન્માન કરવામાં ડરતી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ વધુમાં કહ્યું કે, ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિરનો નાશ કર્યો હતો. મોદીએ જ આટલા વર્ષો પછી તેનું નવીનીકરણ કરાવ્યું અને ત્યાં કોરિડોર બનાવ્યો. બાબરે અયોધ્યામાં રામ મંદિરનો નાશ કર્યો હતો. હવે, ત્યાં એક રામ મંદિર બનાવવામાં આવ્યું છે અને વડાપ્રધાન મોદીએ જય શ્રી રામના નારાઓ વચ્ચે પ્રાણ પ્રતિષ્ઠા કરી છે.

### નિર્મલા સીતારામન ૧ ફેબ્રુ.એ બજેટ-૨૪ રજુ કરશે

# બજેટમાં કપાતની મર્યાદા ૨.૫૦ લાખ થવાની આશા

### ૨૦૧૪ના ઓલ્ડ ટેક્સ રિજિમ હેઠળ ટેક્સ સ્લેબમાં ફેરફાર ન થયા, જેના કારણે લોકો પર ટેક્સનો બોજો વધી રહ્યો છે

। નવી દિલ્હી, તા.૨૪ ।



નિર્મલા સીતારામન ૧ ફેબ્રુઆરીએ બજેટ ૨૦૨૪ રજુ કરશે. અંતિમ બજેટ રજુ થવાને બસ હવે થોડા જ દિવસો બાકી રહ્યા છે, ત્યારે તેમને પહેલાથી જ એ સ્પષ્ટ કર્યું છે કે આ વર્ષે બજેટમાં ખાસ ફેરફાર જોવા નહિ મળે. તેમ છતાં લોકોને ટેક્સમાં રાહત બાબતે થોડી આશા છે.

હાલમાં, કલમ ૮૦સીસીઆઈમુજબ, કલમ ૮૦સી, ૮૦સીસીસીઅને ૮૦ સીસીડી(૧) હેઠળ ઉપલબ્ધ મહત્તમ મર્યાદા પ્રતિ વર્ષ રૂ. ૧.૫૦ લાખ છે. ૨૦૧૪માં રૂ. ૧.૫૦ લાખની આ મર્યાદાને સુધારીને રૂ. ૧ લાખ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે રૂ. ૨.૫૦ લાખ સુધી થઈ શકે છે. વર્ષ ૨૦૧૪ના ઓલ્ડ ટેક્સ રિજિમ હેઠળ ટેક્સ સ્લેબમાં ફેરફાર ન થયા, જેના કારણે લોકો પર ટેક્સનો બોજો વધી રહ્યો છે. એવામાં હવે ટેક્સ સ્લેબમાં ફેરફાર થવાની આશા છે.

જૂની ટેક્સ સિસ્ટમ પ્રમાણેના હાલના ટેક્સ સ્લેબ, ૩ લાખ સુધીની આવક પર નહીં લાગે કોઈ ટેક્સ, ૩-૬ લાખ રૂપિયા સુધીની આવક પર લાગશે ૫ ટકા ટેક્સ, ૬-૯ લાખ રૂપિયા સુધીની આવક પર લાગશે ૧૦ ટકા ટેક્સ, ૯-૧૨ લાખ રૂપિયાની આવક પર ૧૫ ટકા વ્યાજ, ૧૨-૧૫ લાખ રૂપિયાની આવક પર ૨૦ ટકા વ્યાજ, ૧૫ લાખ અને તેનાથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ, હાલમાં NPSમાંથી ૬૦ ટકા સુધીની રકમ ઉપાડવા પર કોઈ ટેક્સ લાગતો નથી.

### રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે

# યુક્રેનની સરહદ નજીક રશિયાનું મિલિટ્રી પ્લેન ક્રેશ : ૭૪નાં મોત

। (એજન્સી) મોસ્કો, તા.૨૪ ।

રશિયા અને યુક્રેન વચ્ચે ૨ વર્ષ કરતા વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. રોજ આ યુદ્ધમાં બંને દેશોમાં અનેક લોકોના મોત થઈ રહ્યા છે. ત્યારે હવે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. રશિયાનું ઈલ્યૂશિન Il-76 મિલિટ્રી પ્લેન યુક્રેનની સરહદ નજીક બેલગોરોડમાં ક્રેશ થઈ ગયુ છે. આ વિમાનમાં યુક્રેનના ૬૫ યુદ્ધ બંધકોને લઈ જવામાં આવી રહ્યા હતા. આ વિમાનમાં યૂક્રેનના ૬૫ યુદ્ધ બંધકો સહિત ૭૪ લોકો સવાર હતા. આ તમામના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. અલગ-અલગ મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તમામ લોકોના મોત થઈ ગયા છે. જોકે, રશિયન સરકાર દ્વારા તેની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં નથી આવી.

રશિયાની એક સરકારી ન્યૂઝ એજન્સીએ રક્ષા મંત્રાલયનો હવાલો આપતા જણાવ્યું કે, યુદ્ધ બંધકોને કેદીઓની અદલા-બદલીના કરાર હેઠળ યુક્રેન લઈ જવામાં આવી રહ્યા હતા. દુર્ઘટના સમયે વિમાનમાં યુદ્ધ બંધકો ઉપરાંત છ ક્રૂ મેમ્બર્સ અને અન્ય ત્રણ લોકો પણ સવાર હતા. રશિયાના ઈલ્યૂશિનૈં-૭૬ મિલિટ્રી વિમાનને સૈનિકો, સામાન, લશ્કરી સાધનો અને હથિયારોના પરિવહન માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું.

# સેન્સેક્સમાં ૬૯૬, નિફ્ટીમાં ૨૨૭ પોઈન્ટનો વધારો નોંધાયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

બુધવારે અસ્થિર ટ્રેડિંગ પછી, બીએસઈસેન્સેક્સ ૬૯૬ પોઈન્ટના વધારા સાથે ૭૧૦૬૬ પોઈન્ટના સ્તરે બંધ કરવામાં સફળ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૨૭ પોઈન્ટ વધીને ૨૧૪૬૬ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં બે ટકાનો વધારો નોંધાયો હતો જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક લીલા નિશાનમાં બંધ થયા હતા. જો આપણે શેરબજારમાં ગતિ દર્શાવતી કંપનીઓની વાત કરીએ તો હિન્દાલ્કો, ડો. રેડ્ડીઝ, ટાટા સ્ટીલ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં વધારો નોંધાયો છે, જ્યારે આઈસીઆઈસીઆઈબેંક, એક્સિસ બેંક, એશિયન પેઈન્ટ્સ અને અદાણી પોર્ટ્સના શેરમાં નબળાઈ પર બંધ. રેલ્વે સ્ટોક્સમાંથી નફો બુક કરો, આ બે કંપનીઓ સોલાર રૂફટોપના રોલ આઉટથી મોટો નફો મેળવશે. શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન, બુધવારે હિન્દાલ્કોના શેરમાં ૪.૩૫ ટકાનો વધારો નોંધાયો હતો.

### ખેડૂત નેતા રાકેશ ટિકૈતે ફરી એકવાર સરકારને ઘેરી

# ખેડૂતોની માગણીને લઈને ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન

। (એજન્સી) લખનૌ, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના ભારતીય કિસાન યુનિયન (બીકેયુ)ના પ્રવક્તા રાકેશ ટિકૈતની આગેવાની હેઠળ ખેડૂતોની અનેક માંગણીઓ અંગે એડીએમ વહીવટીતંત્રને એક આવેદન આપીને મહાપંચાયતનું સમાપન કરવામાં આવ્યું હતું. રાકેશ ટિકૈતે સરકારને ઘેરતા કહ્યું કે સરકાર ખેડૂતોને નબળા પાડવાનું કામ કરી રહી છે. મહા પંચાયતમાં શેરડીના ભાવ, મફત વીજળી વગેરે જેવા ખેડૂતોના મુદ્દાને લઈને અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

આ ઉપરાંત રાકેશ ટિકૈતે જગાહેડી ટોલ પર ચાલી રહેલી ભારતીય કિસાન યુનિયનની મહાપંચાયતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ સાથે તેમણે કહ્યું હતું કે ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ કાઢીશું. આ સિવાય યુનાઈટેડ કિસાન મોરચા (એસકેએમ)ના આહ્વાન પર ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું પણ એલાન કરવામાં આવ્યું છે. ખેડૂતો પણ આ બંધના એલાનમાં જોડાશે. અમે દુકાનદારોને ૧૬મી ફેબ્રુઆરીએ તેમની દુકાનો ન ખોલવાની પણ અપીલ કરી છે.







CMYK

# વડોદરા ખાતે "રાષ્ટ્રીય બાલિકા દિવસ"ની ઉજવણી એક સ્વસ્થ અને સમાન રાષ્ટ્રની રચનામાં ભાગીદાર બનીએ : જિલ્લા કલેક્ટર એ.બી. ગોર

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૨૪ ।

આજરોજ જિલ્લા પંચાયત ના સભાખંડ ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી જિલ્લા કલેકટર શ્રી એ.બી.ગોરના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી એ.બી.ગોરે જણાવ્યું હતું કે, સશકત સમાજના નિર્માણ માટે મહિલા બાળ જાતિદરને પ્રોત્સાહન આપવુ અત્યંત અનિવાર્ય હોઈ, એક સ્વસ્થ અને સમાન રાષ્ટ્રની રચનામાં સમાજના સૌ નાગરિકો ભાગીદાર બનીએ. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન શરૂ કરીને દેશને નવો રાહ ચીધ્યો હતો અને આજે દેશભરમાં આ અભિયાન ચાલી રહ્યુ છે જે આપણા માટે ગૌરવરૂપ છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી મમતા હીરપરાએ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યુ હતું કે, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દિકરી જન્મ તેમજ શિક્ષણને પ્રોત્સાહન આપવા, બાળ લગ્ન નાબૂદ કરવા, દિકરીઓના કાનૂની અધિકારો, પોષણ અને



તબીબી સંભાળ, સંરક્ષણ અને સન્માન સુનિશ્ચિત કરવા તેમજ તે પરત્વે જાગૃતિ લાવવા વર્ષ ૨૦૦૮ થી તા.૨૪ મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજના રાષ્ટ્રીય દીકરી દિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ઉજવણી કરી સમાજના નાગરિકોમાં દીકરીઓ પ્રત્યેની સંકુચિત માનસિકતામાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરવામા આવે છે. સરકારની સાથે જનભાગીદારી પણ અનિવાર્ય છે. દિકરીઓ શિક્ષણના માધ્યમથી આગળ વધે એ આજના સમયની તાતી જરૂરિયાત છે. રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં બાળાઓએ તેજસ્વિની જિલ્લા પંચાયતની સામાન્ય સભા ની કામગીરી ચલાવી હતી.

## બારડોલી તાલુકાના ઈસરોલી ગામમાં ચડ્ડીબનિયાનધારી લૂંટારુ ત્રાટક્યા

। (એજન્સી) બારડોલી, તા.૨૪ ।

બારડોલી તાલુકાના ઈસરોલી ગામે મળસ્કે બુકાની બાંધી ચડ્ડી બનિયાનધારી લૂંટારુ ત્રાટકયા હતા. ઈસરોલી ગામે ડ્રિમ હોમ્સમાં બુકાનીધારીઓ લૂંટના ઈરાદે ઘુસ્યા હતા. ઘટનાને અંજામ આપી ફરાર થયેલા લૂંટારુઓ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. બનાવની જાણ પોલીસતંત્રને કરવામાં આવતા ઘટનાસ્થળે દોડી આવી ફૂટેજના આધારે ગુનેગારોની શોધખોળ આરંભી છે. લૂંટારુઓએ એક સાથે ચાર થી પાંચ ઘરોમાં ચોરી અને લૂંટની ઘટનાને અંજામ આપવા પ્રયાસ કર્યો હતો. એક ઘરમાં સોના ચાંદીના દાગીના તેમજ ૨૦ હજારથી વધુની રોકડની ચોરી દરમિયાન સ્થાનિકો જાગી જતા રહીશોએ બુકાનીધારીઓનો સામનો કર્યો હતો.

# નર્મદા નદીમાં વ્યાસ બેટ આસપાસ રેતી ખનન ઉપર પ્રતિબંધ લદાયો

### પૌરાણિક વ્યાસ બેટ પરિસરને ખનન પ્રવૃત્તિની નુકસાનથી બચાવવા વડોદરા જિલ્લા વહીવટી તંત્રનો નિર્ણય

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૨૪ ।

શિનોર તાલુકામાં મોલેથા ગામના હદમાં આવેલા પૌરાણિક વ્યાસ બેટને કોઈ નુકસાન ના થાય એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેની આસપાસના વિસ્તારોમાં ખનન પ્રવૃત્તિ અને તેના વહન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વ્યાસ બેટ આસપાસ થતાં રેતીના ખનનના પરિણામે થતાં નુકસાનનું એસેસમેન્ટ કરવા માટે રચવામાં આવેલી સમિતિની ભલામણ બાદ કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અનેક લોકોની શ્રદ્ધા સાથે જોડાયેલા વ્યાસ બેટ આસપાસ ખનન પ્રવૃત્તિનું ઈમ્પેક્ટ એસેસમેન્ટ કરવા માટે નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિની અધ્યક્ષતામાં એક સમિતિ રચવામાં આવી હતી. જેમાં ભૂસ્તરશાસ્ત્રી, સિંચાઈ, વન વિભાગ, મહેસુલ વિભાગના અધિકારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ સમિતિએ તાજેતરમાં વ્યાસ બેટ અને તેની આસપાસના વિસ્તારોની મુલાકાત લીધી હતી અને ત્યાં ચાલતી ખનન પ્રવૃત્તિ, વહન માર્ગો સહિતનું બારિકાઈથી



નિરીક્ષણ કર્યું હતું. એ બાદ આ સમિતિ દ્વારા હકીકતલક્ષી અહેવાલ કલેક્ટરશ્રીને સોંપવામાં આવ્યો હતો. આ અહેવાલમાં ખનન પ્રવૃત્તિથી વ્યાસ બેટને નુકસાનની શક્યતા દર્શાવવામાં આવી હતી. તેમાં જણાવાયું હતું કે, વ્યાસ બેટની ઉપર તળે અને હેઠળ તળે નર્મદા નદીમાં પ્રવાહને અસર થતાં બેટની પ્રાકૃતિક સંરચનાને નુકસાન પહોંચશે.

## મહિધરપુરામાં રૂ.૮૮ લાખની લૂંટ ચલાવનાર લૂંટારુની પોલીસે ધરપકડ કરી

### ગુનાને અંજામ આપવા માટે ઓનલાઈન એપ મારફત મંગાવવામાં આવેલ માસ્કનો ઉપયોગ કર્યો હતો

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

મહિધરપુરા રૂપિયા ૮૮ લાખની લૂંટ મામલે સુરત પોલીસ કમિશનર અજય તોમરે પત્રકાર પરિષદ યોજી ક્રાઈમ બ્રાન્ચની ટીમે સતત મહેનત કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હોવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે ૫મી જાન્યુઆરીના રોજ લાલગેટ પોલીસ મથકની હદમાં લૂંટની ઘટના બની હતી.

૮૮ લાખની રોકડ રકમ લઈ જતા યુવક પાસેથી લૂંટ ચલાવવામાં આવી હતી. હથિયાર બતાવી અપહરણ કરી યુવક પાસેથી આ મત્તાની લૂંટ ચલાવાઈ હતી. કામરેજ નજીક યુવક પાસેથી લાખોની રકમ લઈ લૂંટારુ ફરાર થઈ ગયો હતો. સુરત પોલીસ કમિશનર અજય તોમરે જણાવ્યું હતું કે નવાઝ સરફરાઝ ફટતાં નામનો યુવક યુએસડીટીના રૂપિયા લેવા ગયો હતો ત્યારે લૂંટ થઈ હતી. ફરિયાદીએ સંબંધી સાથે મળી કાવતરું ઘડ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. ચાર માસ અગાઉ ગુનો આચરવા પ્લાનિંગ કર્યું હતું. ગુનાને અંજામ આપવા માટે ઓનલાઈન એપ મારફત મંગાવવામાં આવેલ માસ્ક નો ઉપયોગ કર્યો હતો. ૭૫ લાખનું સોનુ અને ક્રેડિટ કાર્ડનું બિલ ભર્યું હતું.

### પતિ અમેરિકામાં અને પત્ની અમદાવાદમાં

## પતિ અને પત્ની વચ્ચે દીકરીની કસ્ટડી માટે થયો વિવાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમેરિકામાં રહેતા પતિ અને અમદાવાદમાં રહેતી પત્ની વચ્ચે બાળકની કસ્ટડીને લઈને શરૂ થયેલો વિવાદ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. આ કેસમાં મહિલા ફેબ્રુઆરી ૨૦૨૩માં પતિ અને દીકરી સાથે ઈન્ડિયા આવી હતી, અને તેને માર્ચમાં પાછા જવાનું હતું, જોકે તેણે અમેરિકા જવાનું માંડી વાળ્યું હતું અને ઓગસ્ટ ૨૦૨૩માં બીજા બાળકને જન્મ આપ્યો હતો. આ દરમિયાન અમેરિકામાં રહેતા પતિએ મિનેસોટાની કોર્ટમાં ડિવોર્સ સાથે દીકરીની કસ્ટડી મેળવવા માટે કેસ કર્યો હતો. જેની સામે આ યુવકની પત્નીએ દીકરીની કસ્ટડી પોતાની પાસે જ રહે તે માટે અને પતિથી અલગ થવા અમદાવાદની ફેમિલી કોર્ટમાં કેસ કર્યો હતો. ફેમિલી કોર્ટનો કોઈ નિર્ણય આવે તે પહેલા જ મહિલાના અમેરિકા રહેતા પતિએ બાળકી માટે ગુજરાત હાઈકોર્ટમાં હેબિયર્સ કોર્પસ પિટીશન દાખલ કરી હતી.

ત્રણ વર્ષની દીકરી માટે હેબિયર્સ કોર્પસ પિટિશન કરનારા તેના પિતાની દલીલ હતી કે તેણે અમેરિકાની કોર્ટમાં દીકરીની કસ્ટડી માટે કેસ કર્યો છે, અને દીકરી કોની પાસે રહેશે તેનો ફેસલો અમેરિકાની કોર્ટ કરશે. જોકે, ગુજરાત હાઈકોર્ટની જસ્ટિસ એ.વાય. કોગજે અને જસ્ટિસ આર.એમ. સરીનની બેન્ચે અમેરિકા રહેતા દીકરીના પિતાની પિટિશન નકારી દઈને તે ઈન્ડિયામાં તેની માતા સાથે જ રહેશે તેમ જણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે દીકરીની માતાએ ઓગસ્ટ ૨૦૨૩માં જ બીજા બાળકને જન્મ આપ્યો છે.

### ગુરુ વિના જ્ઞાન કેવી રીતે?

# શિક્ષણ વિભાગની બેવડી નીતીથી વિદ્યાર્થીઓ પરેશાન

### જ્ઞાન સહાયકોની ગેરહાજરી વચ્ચે પ્રવાસી શિક્ષકોની મુદ્દત પૂરી થઈ, શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ?

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

આગામી માર્ચ માસમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આવી રહી છે, જેના કારણે શાળાઓમાં પરિણામ ઊંચું આવે તેવા આયોજન થઈ રહ્યા છે. બીજી તરફ મોટાભાગની શાળાઓમાં શિક્ષકો જ નથી. પ્રવાસી શિક્ષકો સામે સરકાર જ્ઞાન સહાયક યોજના લાવી પણ મોટાભાગની શાળાઓમાં જ્ઞાન સહાયક શિક્ષકો હાજર જ થયા નથી. તેવામાં પ્રવાસી શિક્ષકોની મુદત આજથી પૂર્ણ થતા પ્રવાસી શિક્ષકોને કાઢી મૂકવા આદેશ થયા છે, ત્યારે શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ અને પરિણામ કેવી રીતે ઊંચું આવશે તેના પર સવાલો ઉઠ્યા છે. શિક્ષણ વિભાગની આ બેવડી નીતિથી વિદ્યાર્થીઓ પરેશાન છે. રાજ્ય સરકારે રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે જ્ઞાન સહાયક યોજના અમલમાં મુકી હતી. જેમાં ટેટ ટાટની દ્વી સ્તરીય પરીક્ષા પદ્ધતિ દ્વારા જ્ઞાન સહાયકોની ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવાની હતી. બીજી બાજુ પ્રવાસી શિક્ષકોની યોજના રદ કરવાની હતી પણ જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતીમાં વિલંબ થયો. જેના કારણે ઘણી શાળાઓમાં શિક્ષકો ન હોવાથી સ્કૂલ સંચાલકોની રજૂઆતના પગલે પ્રવાસી શિક્ષકોની યોજના છ મહિનામાં લંબાવવામાં આવી. હવે ૨૪ જાન્યુઆરીથી પ્રવાસી શિક્ષકોની આ મુદત પૂરી થઈ રહી છે. બીજી બાજુ હજુ પણ જ્ઞાન સહાયક શિક્ષકોના ઠેકાણા નથી. આગામી માર્ચ માસમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની ગુજરાત બોર્ડની પરીક્ષા આવી રહી છે. ત્યારે મોટાભાગની શાળાઓમાં શિક્ષકો નથી. મોટાભાગની શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો જ નથી. ત્યારે વિદ્યાર્થીઓને આ ગુરુઓ વગર જ્ઞાન કેવી રીતે મળશે તે એક સૌથી મોટી સમસ્યા છે.

## ક્રિકેટ અને ઓનલાઇન ગેમના બ્લેકમની રેકેટનો પર્દાફાશ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતના સૌથી મોટા ક્રિકેટ અને ઓનલાઈન ગેમના બ્લેકમની રેકેટનો પર્દાફાશ થયો છે. CID ક્રાઈમે સટ્ટાકિંગ અમિત મજેઠિયા સહિત ૭ લોકો સામે પોલીસ ફરિયાદ દાખલ કરી છે. અમિત મજેઠિયા એન્ડ કંપનીએ બોગસ ખાતામાં કરોડોની હેરાફેરી કર્યાનો ઘટસ્ફોટ થયો છે. CID ક્રાઈમને મળેલી નનામી અરજીમાં ત્રણ બેંક ખાતાની વિગતો મળી હતી. જેની પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાના વ્યવહારો થયાનું સામે આવ્યું હતું. આ કેસની તપાસ દરમિયાન કુલ ૩૫ શંકાસ્પદ બેંક ખાતા સામે આવ્યા હતા. જેમાં રૂ ૧૨૦૦ કરોડના આર્થિક વ્યવહારો કરવામાં આવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ૧૨૦૦ કરોડમાંથી રૂપિયા ૬૦૦ કરોડ બેંક ખાતામાં જમા પણ થઈ ગયા છે. હવે સમગ્ર કૌભાંડની મોડસ ઓપરેન્ડી પર નજર કરીએ તો લોન કે રૂપિયાની જરૂરિયાત વાળા લોકોને શોધતા હતા. લોન કે સહાયની લાલચે બેંક ખાતુ ખોલાવવા દબાણ કરતા હતા. બેંકમાં ખાતુ ખોલાવવા માટે લોકો પાસેથી દસ્તાવેજો મેળવતા અને બેંક ખાતું ખોલ્યા બાદ આરોપીઓ વ્યક્તિને અમુક રકમ આપતા હતા. વ્યક્તિની જાણ બહાર એક્સપોર્ટ-ઈમ્પોર્ટનું લાઈસન્સ મેળવતા હતા. લાઈસન્સના આધારે આરોપીઓ બોગસ કંપની ખોલતા હતા. કંપનીના બોગસ ખાતામાં કરોડોના વ્યવહારો કરવામાં આવતા.

# આગામી ત્રણ દિવસમાં ૨ થી ૩ ડીગ્રી તાપમાન વધશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયાથી કાતિલ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આ સાથે જ હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં હજુ ઠંડીનો ચમકારો યથાવત રહેશે. જો કે રાજ્યમાં હાલમાં જે પ્રમાણે ઠંડી પડવી જોઈએ તેટલી નથી પડી રહી. લોકોને વહેલી સવારમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે જ્યારે બપોરે હવામાન સામાન્ય થઈ જાય છે. એવામાં હવામાન વિભાગે નવી આગાહી પ્રમાણ આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર નહીં થાય. તેમજ રાજ્યમાં ૨થી ૩ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. તો બીજી બાજુ એક હવામાન નિષ્ણાતે વાતાવરણમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન કેન્દ્ર અમદાવાદના અધિકારીએ કહ્યું હતું કે, ગુજરાતમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી. તેમજ આગામી બેથી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. જો કે,તે બાદ રાજ્યમાં બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા દર્શાવી છે. પવનની ગતિ બદલાતા ઠંડીમાંથી રાહત મળશે.

એક હવામાન નિષ્ણાતે રાજ્યના હવામાનને લઈને કહ્યું છે કે, આગામી દિવસોમાં દેશમાં હવામાનમાં મોટા ફેરફાર થવાની સંભાવના દર્શાવી છે. તેમણે કહ્યું કે, આગામી દિવસોમાં ભારે પવનના તોફાનો, કમોસમી વરસાદ અને દેશના ઉત્તર પર્વતિય પ્રદેશો જેમા પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન સહિતના ભાગોમાં તેની અસર થવાની સંભાવના વ્યક્ત કરી હતી. તેમજ ગુજરાતના વાતાવરણ બાબતે વાત કરતાં તેમણે કહ્યુ હતુ કે, કચ્છ સહિતના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. તેમજ લઘુતમ તાપમાન વધી શકે છે અને ઠંડી ઓછી થઈ શકે છે. ઉત્તર તરફથી આવતા ઠંડા પવનના કારણે રાજ્યમાં ઠંડીમાં વધારો થયો છે.

**વિશેષ** | ૨૪ જાન્યુઆરી-આંતરાષ્ટ્રીય બાલિકા દિવસ । આંતરાષ્ટ્રીય બાલિકા દિવસે સુરેન્દ્રનગર કલેકટર કચેરી સભાખંડ ખાતે 'તેજસ્વિની જિલ્લા પંચાયત'નું આયોજન કરાયું

# આજે માતા-પિતાની સાથો-સાથ સરકાર પણ દીકરીઓની દરકાર લઈ રહી છે : જિલ્લા કલેકટરશ્રી કે.સી.સંપટ

। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર ।

દેશની દીકરીઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થાય તે આશયથી પ્રતિ વર્ષ ૨૪ જાન્યુઆરીને સમગ્ર દેશમાં આંતરાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસને વધુ ખાસ અને યાદગાર બનાવવા માટે વિધાનસભાગૃહમાં આજે 'તેજસ્વિની વિધાનસભા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮૨ દીકરીઓ વિધાનસભાનું સંચાલન કરવાની છે. જે અંતર્ગત આજે સુરેન્દ્રનગર કલેકટર કચેરી સભાખંડ ખાતે 'તેજસ્વિની જિલ્લા પંચાયત'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની બાલિકાઓએ લોકશાહી ઢબે જિલ્લા પંચાયતનું સંચાલન કર્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, વિવિધ સમિતિઓના ચેરમેનોની નિમણૂક કરવામાં આવી હતી. વિવિધ સમિતિઓના ચેરમેનોએ તેમના પ્રશ્નો જિલ્લા પંચાયત પ્રમુખ સમક્ષ રજૂ કર્યા હતા અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ તેના સુઃખદ સમાધાનો સૂચવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી કે.સી. સંપટે જણાવ્યું હતુ કે, બાલિકાઓમાં આત્મવિશ્વાસ, નીડરતા, નેતૃત્વ જેવા ગુણોનો વિકાસ થાય તે માટે સરકારશ્રી દ્વારા આ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આજે ગુજરાત વિધાનસભાનું સમગ્ર સંચાલન દીકરીઓ દ્વારા કરવામાં આવશે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં પણ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આવા કાર્યક્રમોથી બાળાઓ વિધાનસભા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાની કાર્યપદ્ધતિથી વાકેફ






થાય છે. સરકારશ્રીની મહિલાલક્ષી વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપતા જિલ્લા કલેક્ટરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, દીકરીઓના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી દ્વારા બેટી બચાવો-બેટી પઢાવો, બાલિકા સમૃદ્ધિ યોજના, શિષ્યવૃતિ યોજના, સરસ્વતી સાધના યોજના, વ્હાલી દિકરી યોજના, વિદેશ અભ્યાસ માટે સહાય જેવી વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આજે માતા-પિતાની સાથો-સાથ સરકાર પણ હવે દીકરીઓની દરકાર લઈ રહી છે. શિક્ષિત દીકરી એક નહિ પણ બે પરિવારોને તારે છે. દીકરીઓ આપણાં સમાજનું અને દેશનું ભવિષ્ય છે. વધુમાં જિલ્લા કલેક્ટરશ્રીએ ઉપસ્થિત દરેક બાળાઓને સમાજ કામ માટે ઉપયોગી થઈ અને પોતાના પસંદગીના ક્ષેત્રમાં ઉજ્જ્વળ કારકિર્દી બનાવવા શુભેચ્છાઓ પાઠવી હતી.

આ તકે ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે વ્હાલી દિકરીના મંજૂરી હુકમ અને દીકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વે લોકોએ બેટી બચાવો માટેની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી જીજ્ઞાબેન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.એન. મકવાણા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શિલ્પાબેન પટેલ, વઢવાણ તાલુકા વિકાસ અધિકારીશ્રી ગીતાબેન, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી જલ્પાબેન સહિત બાલિકાઓ ઉપસ્થિત રહી હતી.

**આંતરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીમાં જિલ્લા કલેકટરશ્રી કે.સી.સંપટની નમ્રતાના થયા દર્શન**

આંતરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કાર્યક્રમ બાદ બાળાઓ સાથેની મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટરશ્રી કે.સી.સંપટની નમ્રતાના દર્શન થયા હતા. જિલ્લા કલેકટરશ્રીએ બાલિકાઓ સાથે સહજતાથી સંવાદ કર્યો હતો. તેમણે બાળાઓને કલેક્ટર ચેમ્બરની મુલાકાત કરાવતા જિલ્લા કલેકટર અને જિલ્લા વહીવટી તંત્રની કામગીરી, લોકશાહીમાં ચૂંટણી અને ચૂંટાયેલા સદસ્યોની કામગીરી વિશે સમજાવતા વિસ્તૃત જાણકારી પણ આપી હતી.



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં કૌશલ ભવન - કૌશલ વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયની નવી ઈમારતનું ઉદ્‌ઘાટન કર્યું.

### ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રોનની ભારત મુલાકાત ઐતિહાસિક બનવા જઈ રહી છે

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ અને પીએમ મોદી જયપુરમાં કરશે દ્વિપક્ષીય મંત્રણા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમની સાથે જયપુરમાં હશે, આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેક્રોન સાથે રોડ શો કરશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે ૨૫મી જાન્યુઆરીએ જયપુર જશે. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનું પણ જયપુરમાં આગમન થશે.ગુરુવારે બપોરે ૩:૧૫ થી ૫:૧૫ દરમિયાન ઈમેન્યુઅલ મેક્રોન, આમેર કિલ્લાની મુલાકાત લેશે. આ પછી રાષ્ટ્રપતિ મેક્રોન વડાપ્રધાન



મોદીને મળશે. જયપુરના જંતર-મંતર પર રાષ્ટ્રપતિ મેક્રોન અને પીએમ મોદી વચ્ચે મુલાકાત થશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન આ વર્ષે ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ તરીકે ભારત આવી રહ્યા છે. તેઓ આવતીકાલ ૨૫મી જાન્યુઆરીએ જયપુર જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમની સાથે જયપુરમાં હશે. આ દરમિયાન પીએમ મોદી મેક્રોન સાથે રોડ શો કરશે. આ રોડ શો જયપુરના ત્રિપોલિયા ગેટથી સાંગાનેરી ગેટ સુધી થશે. મળતી માહિતી મુજબ ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રોનની ભારત મુલાકાત ઐતિહાસિક બનવા જઈ રહી છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ૫૦થી વધુ યુગ-બદલતા કાર્યો કર્યા : અમિત શાહ

**। નવી દિલ્હી, તા.૨૪ ।**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની ૫મી આંતરરાષ્ટ્રીય અને ૪૪મી ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સમારોહને સંબોધિત કરતા આ સંદેશ આપ્યો હતો કે, ‘વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર છેલ્લા ૧૦ વર્ષોમાં પ્રયાસો કર્યા છે. ૫૦ થી વધુ યુગ-પરિવર્તન કાર્યો કર્યા છે.

દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અંગ્રેજોએ બનાવેલા કાયદામાં ધરમૂળથી ફેરફાર કરીને નવા ભારતમાં નવા કાયદાની દરખાસ્ત કરી હતી. પહેલાના કાયદાનો હેતુ અંગ્રેજોના શાસનને સુરક્ષિત કરવાનો અને ભારતીયોને સજા કરવાનો હતો, હવે ન્યાયની મૂળ ભાવના સાથે કાયદો લાવવામાં આવ્યો છે. એ પણ નોંધનીય છે કે અગાઉના કાયદામાં ‘સજા’ શબ્દ જોડવામાં આવ્યો હતો, જ્યારે નવા કાયદામાં ‘ન્યાય’ શબ્દ જોડવામાં આવ્યો હતો. શાહ, જેમણે નવા કાયદામાં ૭ વર્ષ અને તેથી વધુની સજા માટે ફોરેન્સિક સાયન્સ ઓફિસરના દરેક ગુના સ્થળની મુલાકાત લેવાનું ફરજિયાત બનાવ્યું



છે, તે માને છે કે આનાથી તપાસ સરળ બનશે અને ન્યાયાધીશોનું કામ પણ સરળ બનશે. ટેક્નોલોજીની મદદથી ફોજદારી ન્યાય વ્યવસ્થાના તમામ પડકારોને દૂર કરીને દેશની ન્યાય વ્યવસ્થા ૫ વર્ષમાં વિશ્વની સૌથી આધુનિક બની જશે.

ગુલામીની માનસિકતા ખતમ કરીને ન્યાય અપાવવાના આશયથી કાયદો બનાવનાર ભારતીય રાજનીતિના ચાણક્ય શાહે એવી વ્યવસ્થા બનાવી છે કે આવનારા ૫ વર્ષમાં દેશમાં દર વર્ષે ૯ હજારથી વધુ ફોરેન્સિક સાયન્સ ઓફિસર તૈયાર થશે. અમૃતકલમાં ત્રણ નવા કાયદા સાથે પોલીસિંગની સરળતા અને ન્યાયની સરળતાનો યુગ શરૂ થવા જઈ રહ્યો છે. આગામી વર્ષમાં, રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વધુ ૯ કેમ્પસ દેશભરમાં ખોલવામાં આવશે જે ફોજદારી ન્યાય પ્રણાલીમાં ફોરેન્સિક વિજ્ઞાનના ઉપયોગ માટે સંસાધનો બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નવા કાયદાઓમાં તપાસ, કાર્યવાહી અને ન્યાયિક પ્રક્રિયામાં ફોરેન્સિક સાયન્સને મહત્વ આપવામાં આવ્યું છે, આ યુવાનો માટે એક વિશાળ ક્ષેત્ર ખોલવા જઈ રહ્યું છે. ન્યાય માટે પ્રતિબદ્ધ, શાહ માને છે કે ફોરેન્સિક સાયન્સનો ઉપયોગ માત્ર તપાસમાં જ નહીં, પરંતુ ન્યાય પ્રદાન કરવાની પ્રક્રિયામાં પણ થવો જોઈએ, જ્યારે તેઓ એવું પણ માને છે કે ફોજદારી ન્યાય પ્રણાલીએ ગુનેગારો કરતાં બે પેઢી આગળ રહેવાની જરૂર છે. એ પણ યોગાનુયોગ છે કે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની ૫મી આંતરરાષ્ટ્રીય અને ૪૪મી ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન એવા સમયે થઈ રહ્યું છે જ્યારે ભારતની ફોજદારી ન્યાય વ્યવસ્થા નવા યુગમાં પ્રવેશી રહી છે.

## બાયજુએ તેના સ્ટાર્ટઅપ ઈતિહાસની સૌથી મોટી ખોટ કરી

**। નવી દિલ્હી, તા.૨૪ ।**

એક સમયે દેશનું સૌથી મૂલ્યવાન સ્ટાર્ટઅપ કહેવાતું બાયજુ હવે મુશ્કેલીઓથી ઘેરાયેલું જોવા મળી રહ્યું છે. એડટેક કંપનીની ખોટ ઝડપથી વધી રહી છે. બાયજુને નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૮૨૪૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. હાલમાં, તે માત્ર સૌથી મોટી ખોટ કરતી સ્ટાર્ટઅપ નથી બની પરંતુ તે દેશની સૌથી વધુ ખોટ કરતી કંપનીઓમાંની એક બની ગઈ છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, ટેલિકોમ ઓપરેટર વોડાફોન આઈડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ ૨૮૨૪૫ કરોડ રૂપિયાનું નુકસાન નોંધાવ્યું હતું. આ પછી ટાટા મોટર્સ હતી. દેશની બીજી સૌથી મોટી કાર મેન્યુફેક્ચરિંગ કંપનીની ચોખ્ખી ખોટ ૧૧૪૪૧ કરોડ રૂપિયા હતી.

### ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવમાં કડાકો

# ક્રૂડના ભાવ ૮૦ ડોલરે પહોંચતા પેટ્રોલ અને ડિઝલના ભાવમાં રાહતની આશા

## ચૂંટણી અગાઉ ફીલ ગુડનું વાતાવરણ સર્જવા માટે સરકાર પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટાડી શકે તેવી સ્થિતિમાં છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।**

ભારતમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર મતદારોને મોંઘવારીમાંથી રાહત આપવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો કરે તેવી શક્યતા છે.

સરકાર અત્યારે ફ્યુઅલના ભાવ ઘટાડી શકે તેમ છે કારણ કે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવમાં કડાકો આવ્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધના કારણે એક સમયે ૧૧૦ ડોલર નજીક પહોંચી ગયેલો ક્રૂડ ઓઈલનો ભાવ હવે ૮૦ ડોલરથી પણ નીચે આવી ગયો છે. ચૂંટણી અગાઉ ફીલ ગુડનું વાતાવરણ સર્જવા માટે સરકાર પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટાડી શકે તેવી સ્થિતિમાં છે કારણ કે હવે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવની ચિંતા નથી. રેટિંગ એજન્સી ઈકરાએ જણાવ્યું કે સરકારી માલિકીની ઓઈલ કંપનીઓના માર્જિનમાં મોટો વધારો થયો છે. ઓઈલ કંપનીઓ એક લિટર પેટ્રોલના વેચાણ પર ૧૧ રૂપિયા નફો કરે છે જ્યારે ડીઝલમાં લિટર દીઠ ૬ રૂપિયા નફો થાય છે.

યુક્રેન વોરના કારણે ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરથી ઉપર ગયો ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ ઘણા વધી ગયા હતા. ત્યાર પછી મે ૨૦૨૨માં સરકારે રાહત આપીને બંને ફ્યુઅલના ભાવ ઘટાડ્યા હતા. ત્યારથી લઈને અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર છે.

# ભારતમાં જલદી થશે એલન મસ્કની એન્ટ્રી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।**

ટેસ્લાના માલિક અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્ક ટૂંક સમયમાં ભારતમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. જો કે, આ એન્ટ્રી ટેસ્લા મારફતે નહીં પરંતુ સેટેલાઈટ ઈન્ટરનેટ કંપની સ્ટારલિંક મારફતે થશે. એવું માનવામાં આવે છે કે સ્ટારલિંકને ટૂંક સમયમાં નિયમનકારી મંજૂરી મળવા જઈ રહી છે. આ માટેની તપાસ અંતિમ તબક્કામાં છે. લાયસન્સ મળતાની સાથે જ કંપની ભારતમાં કામ શરૂ કરશે. સ્ટારલિંકના આવવાથી ગ્રામીણ વિસ્તારોમાં કનેક્ટિવિટીની સ્થિતિમાં સુધારો થઈ શકે છે. મનીકંટ્રોલ રિપોર્ટ અનુસાર, એલન મસ્કની સ્ટારલિંક ડિપાર્ટમેન્ટ ઑફ પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ સમક્ષ તેની શેરહોલ્ડિંગ પેટર્ન વિશે માહિતી આપવા જઈ રહી છે. આ પછી તેને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ તરફથી ઓપરેટિંગ સર્ટિફિકેટ મળશે.

અહેવાલ મુજબ આ પછી દૂરસંચાર વિભાગ દ્વારા ટેલિકોમ સચિવ નીરજ મિત્તલ અને સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવને એક પત્ર મોકલવામાં આવશે. મંત્રાલયની મંજૂરી મળ્યા પછી સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ વિંગ દ્વારા સ્ટારલિંકને મંજૂરી પત્ર આપવામાં આવશે.

## મારી પર ૨૫ કેસ છે, વધુ ૨૫ કરો, હું ડરતો નથીઃ રાહુલ ગાંધી



**। (એજન્સી) બારાપેટા, તા.૨૪ ।**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા હાલ આસામમાંથી પસાર થઈ રહી છે ત્યારે તેમણે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર આકરા પ્રહારો કરીને કહ્યું કે મને ખબર નથી કે તેમના (હિમંતા બિસ્વા સરમા) મગજમાં ક્યાંથી આવ્યું કે તેઓ રાહુલ ગાંધીને ડરાવી શકે છે. તમે જેટલા ઈચ્છો તેટલા કેસ દાખલ કરો, ‘૨૫ કેસ દાખલ છે, વધુ ૨૫ કરી દો, હું ડરતો નથી.’ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આસામના બારાપેટામાં ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન દાવો કર્યો હતો કે હિમંતા બિસ્વા સરમા દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી છે અને મુખ્યમંત્રીનું નિયંત્રણ સંપૂર્ણ રીતે અમિત શાહના હાથમાં છે, જો હિમંતા બિસ્વા સરમા અમિત શાહ વિરુદ્ધ કંઈપણ બોલવાની હિંમત કરશે તો તેમને પાર્ટીમાંથી બહાર ફેંકી દેવામાં આવશે. કેરળના વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે મને ખબર નથી કે તેમના (હિમંતા બિસ્વા સરમા) મગજમાં ક્યાંથી આવ્યું કે તેઓ રાહુલ ગાંધીને ડરાવી શકે છે. ‘તમે જેટલા ઈચ્છો તેટલા કેસ દાખલ કરો, હું ડરતો નથીપ ૨૫ કેસ દાખલ છે, હજું વધુ ૨૫ કેસ દાખલ કરી દો..’તેનાથી મને કોઈ ફરક પડવાનો નથી. હું ભારતીય જનતા પાર્ટી (બીજેપી)થી કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)થી ડરતો નથી. રાહુલ ગાંધીએ ૧૪ જાન્યુઆરીએ ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરી હતી.

### વિપક્ષના સંગઠન ઈન્ડિયાને એક પછી એક આંચકા

# તૃણમુલનો પશ્ચિમ બંગાળમાં, આપનો પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવા નિર્ણય

## પંજાબમાં કોંગ્રેસ સાથે અમને કોઈ લેવા દેવા નથીઃ માન, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ અમારો પ્રસ્તાવ ફગાવી દેતાં અમે આ જાહેરાત કરવા મજબૂર છીએ : મમતા બેનરજી

**। (એજન્સી) ચંડિગઢ/કોલકાતા, તા.૨૪ ।**

પ.બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસે ઝટકો આપ્યા બાદ હવે પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ) એ કોંગ્રેસને સાઈડલાઈન કરી દીધી છે. આપએ સ્પષ્ટ કર્યું છે કે પંજાબમાં પાર્ટી એકલી જ લોકસભા ચૂંટણી લડશે. પંજાબના સીએમ અને આપ નેતા ભગવંત માને કહ્યું કે પંજાબમાં કોંગ્રેસ સાથે અમને કોઈ લેવા દેવા નથી.

આમ આદમી પાર્ટીએ પંજાબમાં ૧૩ લોકસભા બેઠકો માટે આશરે ૪૦ ઉમેદવારો પસંદ કર્યા છે. પાર્ટી ૧૩ લોકસભા સીટ માટે ઉમેદવારો માટે સરવે યોજવાની તૈયારીમાં છે. ચંડીગઢ નગર નિગમ ચૂંટણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન અંગે ભગવંત માને કહ્યું કે આપ પાર્ટી લોકસભાની સીટોને ૧૪ કરી શકે છે કેમ કે એક સીટ ચંડીગઢની પણ છે.

દિલ્હીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન માટે આપ પણ તૈયાર છે. અત્યાર સુધી તો અહીંની સાત સીટોને લઈને કોઈ ફોર્મ્યુલા તૈયાર નથી પણ કોંગ્રેસની રાષ્ટ્રીય ગઠબંધન સમિતિ અને આપ નેતાઓ વચ્ચે સીટ શેરિંગને લઈને બેઠક થઈ ચૂકી છે. બંને પક્ષોએ આ દરમિયન ભાજપ વિરુદ્ધ એકજૂટતા બતાવી છે. મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં લોકસભાની આગામી ચૂંટણીમાં ‘એકલા ચાલો રે’ની નીતિ અપનાવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું કે ‘કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ અમારો પ્રસ્તાવ ફગાવી



દેતાં અમે આ જાહેરાત કરવા મજબૂર છીએ. કોંગ્રેસ દ્વારા મારા કોઈ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યા નહોતા.’ ઉલ્લેખનીય છે કે છેલ્લાં ઘણાં સમયથી કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) વચ્ચે શાબ્દિક યુદ્ધ જોવા મળી રહ્યું હતું. આ દરમિયાન ઈન્ડિયાગઠબંધનના સભ્યો પણ બેઠકોની વહેંચણી મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણય સુધી પહોંચી શક્યા નહોતા. આ દરમિયાન મમતા બેનરજીએ કહ્યું કે અમે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સાથે સમજૂતી કરવા માટે ઘણાં પ્રસ્તાવ અને ઓફર આપી હતી પરંતુ તે તમામ ફગાવી દેવામાં આવ્યા જેને લઈને અમારે આ નિર્ણય લેવો પડ્યો છે. મમતા બેનરજી અને તેમની પાર્ટીનો આ નિર્ણય કોંગ્રેસ-ડાબેરી પક્ષો સહિત ઈન્ડિયાગઠબંધન માટે પણ મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. મમતા બેનરજીએ આ સાથે કોંગ્રેસના નેતૃત્વ સામે પણ સવાલો ઊઠાવ્યાં હતાં. મમતા બેનરજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમે કોંગ્રેસને કહ્યું હતું કે તે ૩૦૦ બેઠકો પર લોકસભાની ચૂંટણી લડે અને પ્રાદેશિક પક્ષોને તેમના પ્રદેશમાં ભાજપનો મુકાબલો કરવા દે. તેમણે કહ્યું કે પ્રાદેશિક પક્ષો એકજૂટ રહેશે પરંતુ એ પણ સ્પષ્ટ કરી દીધું કે જો તે હસ્તક્ષેપ કરશે તો અમારે ફરી વિચારવું પડશે. મમતા બેનરજીએ કોંગ્રેસને ફક્ત ૨ સીટ આપવાની ઓફર કરી હતી. તેના પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી વિફર્યા હતા. મમતા બેનરજીએ કહ્યું કે અમે જે સૂચન કર્યા હતા તે તમામ નકારી કાઢવામાં આવ્યા. એટલે અમે બંગાળમાં એકલા ચાલો રેની નીતિ અપનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનું નામ લીધા વિના જ કહ્યું કે તેઓ પ.બંગાળમાં પણ યાત્રા યોજવાના છે. જેની જાણકારી શિષ્ટાચારને નાતે પણ અમને નથી અપાઈ.

### અયોધ્યામાં રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા થઈ

# રામ જન્મભૂમિ ટ્રસ્ટનો હજુ બીજા ૧૩ મંદિરો માટે પણ મેગા પ્લાન

## આગામી વર્ષોમાં અયોધ્યા માત્ર રામ મંદિર માટે નહીં પરંતુ એક વિશાળ આધ્યાત્મિક ટુરિસ્ટ હબ તરીકે જાણીતું બનશે

**। (એજન્સી) અયોધ્યા, તા.૨૪ ।**

અયોધ્યામાં એક ભવ્ય કાર્યક્રમમાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ગઈ છે. જોકે, રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનું કામ આટલેથી પૂર્ણ થતું નથી. રામ જન્મભૂમિ ટ્રસ્ટ હજુ બીજા ૧૩ મંદિરો માટે પણ મોટા પ્લાન ધરાવે છે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં રામ જન્મભૂમિ ટ્રસ્ટના ખજાનચી સ્વામી ગુરુદેવ ગિરિજીએ જણાવ્યું કે મુખ્ય મંદિરના નિર્માણનું કામ હજુ ચાલુ છે અને બીજા ઘણા પ્રોજેક્ટ પાર પાડવાના છે. આગામી વર્ષોમાં અયોધ્યા માત્ર રામ મંદિર માટે નહીં પરંતુ એક વિશાળ આધ્યાત્મિક ટુરિસ્ટ હબ તરીકે જાણીતું બનશે. તેના માટે ઓછામાં ઓછા ૧૩ નવા મંદિરોનું નિર્માણ કરવામાં આવશે. તેમાંથી છ મંદિર રામ જન્મભૂમિના વિશાળ કોમ્પ્લેક્સની અંદર બનશે જ્યારે સાત મંદિર આ કોમ્પ્લેક્સની બહાર બનાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨ જાન્યુઆરીએ જે મુખ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી તેમાં માત્ર પ્રથમ ફ્લોર છે. હજુ બીજા ફ્લોરનું બાંધકામ ચાલુ છે. ત્યાર પછી શિખર ચઢાવવામાં આવશે. રામ પરિવારના પાંચ મહત્ત્વના મંદિરો બનવાના છે અને તેનું કામ બાકી છે. ભગવાન શ્રી રામને વિષ્ણુના અવતાર ગણવામાં આવે છે. તેથી આ મંદિરના પ્રાંગણમાં જ ભગવાન ગણપતિ, શિવ, સૂર્ય અને જગદંબાના મંદિરો પણ બનાવવામાં આવશે.

### માલદીવના રાષ્ટ્રપતિનું વધુ એક ભારત વિરોધી પગલું

# માલદીવે ચીનના ‘સંશોધન જહાજ’ને દરિયાઈ સરહદમાં પ્રવેશવા મંજૂરી આપી

## જિઆંગ યાંગ હોંગ ૦૩, જે લશ્કરી હેતુઓ માટે હિંદ મહાસાગરના તળને મેપ કરતા જાસૂસી જહાજ તરીકે ઓળખવામાં આવે છે

**। (એજન્સી) માલી, તા.૨૪ ।**

માલદીવ સરકારે ચીનના ‘સંશોધન જહાજ’ જિયાંગ યાંગ હોંગ ૦૩ને માલદીવની દરિયાઈ સરહદ વિસ્તારમાં પ્રવેશવાની મંજૂરી આપી દીધી છે. માલદીવ સરકારે આ બાબતે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે ચીનનું આ જહાજ માલદીવના પાણીમાં કોઈ સંશોધન નહીં કરે. તેમજ જહાજના પરિભ્રમણ માટે ચીનની સરકારે અગાઉથી જ મંજૂરી માંગી હતી. જો કે ખાસ બાબત એ છે કે જિઆંગ યાંગ હોંગ ૦૩, જે લશ્કરી હેતુઓ માટે હિંદ મહાસાગરના તળને મેપ



કરતા જાસૂસી જહાજ તરીકે ઓળખવામાં આવે છે. આ જહાજ આવતા મહિનાની શરૂઆતમાં રાજધાની માલે પહોંચશે.

માલદીવ સરકારના નિવેદન અનુસાર માલદીવ હંમેશા મિત્ર દેશોના જહાજો માટે આવકાર દાયક સ્થળ રહ્યું છે. તેમજ મૈત્રીપૂર્ણ દેશોના જહાજોનું સ્વાગત છે.

## તંત્રી લેખ...

# રામ મંદિરમાં દર્શનનો સમય લંબાવામાં આવ્યો

અયોધ્યામાં રામભક્તોની ભીડ જોઈને રામલલ્લાએ આરામનો સમય કાપી નાખ્યો છે. હવે ભક્તોની ભીડને જોતા ભગવાન ૧૧ કલાકને બદલે ૧૫ કલાક સતત દર્શન આપશે. જોકે રામલલ્લાના ભોગ પ્રસાદ અને આરતી માટે થોડા સમય માટે દરવાજા બંધ રહેશે. રામ મંદિરની બહાર ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આ વ્યવસ્થા તાત્કાલિક અસરથી લાગુ કરી છે. અગાઉ રામ મંદિરમાં રામલલ્લાના દર્શન અને પૂજા માટે સમયપત્રક નક્કી કરવામાં આવ્યું હતું. વ્યવસ્થા એવી હતી કે રામલલ્લા સવારે ચાર વાગ્યે જાગી જશે. ત્યાર બાદ તેમનું સ્નાન, ધ્યાન અને શૃંગાર અને આરતી કરવામાં આવશે. આ પછી રામલલ્લા સવારે ૮થી સાંજના ૭ વાગ્યા સુધી ભક્તોને દર્શન આપશે. જેમાં પણ બપોરના સમયે ભોગ પ્રસાદ માટે દરવાજા બંધ રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી. મંગળવારે સવારે મંદિરના દરવાજા ખુલતાની સાથે જ ભક્તોની ભીડ એટલી બધી એકઠી થઈ ગઈ કે વ્યવસ્થા કરવી મુશ્કેલ બની ગઈ હતી. આવી સ્થિતિમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે એક નવી વ્યવસ્થા કરી છે. તેમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે રામલલ્લાનો જાગવાનો સમય યથાવત રહેશે, પરંતુ તે આઠ વાગ્યાને બદલે સાત વાગ્યાથી જ ભક્તોને દર્શન આપવાનું શરૂ કરશે. તેવી જ રીતે બપોરના ભોગ આરતીનો સમય પણ ઘટાડી દેવામાં આવ્યો છે. રાત્રીના ૧૦ વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે તેમ જણાવાયું છે. મંદિર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર રામ મંદિરમાં દર્શન માટે આવતા ભક્તોની કતાર ઓછી નથી થઈ રહી. આવા સંજોગોમાં વૃદ્ધો અને અપંગોને પહેલાથી જ રોકી દેવામાં આવ્યા છે. તેમને બે અઠવાડિયા પછી આવવાનું કહેવામાં આવ્યું છે. તેવી જ રીતે અન્ય ભક્તોને પણ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને થોડી રાહ જોયા બાદ આવવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે મંદિર પ્રશાસને ભગવાનના દર્શન અને પૂજાનો સમયગાળો લંબાવ્યો છે. મંદિર પ્રશાસન અનુસાર, રામલલ્લાના દર્શન સવારની પાળીમાં સવારે ૭થી ૧૧.૩૦ સુધી કરી શકાય છે.

# બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુરનેને મરણોપરાંત ભારતરત્ન મળશે

ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની, શિક્ષક, રાજનીતિજ્ઞ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુરને ભારત રત્ન આપવામાં આવશે. કર્પૂરી ઠાકુરને તેમની લોકપ્રિયતાના કારણે જનનાયક કહેવામાં આવે છે. તેમનો જન્મ બિહારના સમસ્તીપુરમાં થયો હતો. તેમની જન્મ શતાબ્દીની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ ભવન દ્વારા દેશના સર્વોચ્ચ સન્માન એવા ભારત રત્ન માટે તેમના નામની જાહેરાત કરવામાં આવી છે. જનનાયક કર્પુરી ઠાકુર એક સ્વતંત્રતા સેનાની, શિક્ષક અને રાજનેતાના તરીકે જાણીતા હતા. બિહારના બીજા ઉપમુખ્યમંત્રી અને ફરી બેવાર મુખ્યમંત્રી રહેલા કર્પૂરી ઠાકુરને રાજનીતિક જીવનમાં તેમના સિદ્ધાંતોને ન છોડ્યા. તેના કારણે તેઓ અસલી હિરો તરીકે ઉભરી આવ્યા. કર્પૂરી ઠાકુર ભારત છોડો આંદોલનમાં પણ ઝંપલાવ્યુ હતુ. જેમા તેમણે ૨૬ મહિના સુધી જેલવાસ પણ ભોગવ્યો હતો. તેમણે ૨૨ ડિસેમ્બર ૧૯૭૦ થી ૨ જૂન ૧૯૭૧ સુધી અને ૨૪ જૂન ૧૯૭૭ થી ૨૧ એપ્રિલ ૧૯૭૯ સુધી બિહારના મુખ્યમંત્રી તરીકે કામ કર્યુ. કર્પૂરી ઠાકુર જેવા સમાજવાદી વિચારધારા પર જીવનારા વ્યક્તિ વર્તમાનમાં જવલ્લેજ જોવા મળે છે. કર્પૂરી ઠાકુરનો જન્મ ૨૪ જાન્યુઆરી ૧૯૨૪માં બિહારના સમસ્તીપુર જિલ્લામાં થયો હતો. તેઓ એક નાઈ પરિવારમાંથી આવતા હતા. તેમના પિતા ગોકુલ ઠાકુર ખેડૂત હતા. કર્પૂરી ઠાકુરે તેમનુ પ્રાથમિક શિક્ષણ ગામમાં જ મેળવ્યુ હતુ. ત્યારબાદ પટના વિશ્વવિદ્યાલયથી તેમણે સ્નાતકની ડિગ્રી મેળવી હતી. કર્પૂરી ઠાકુર વિદ્યાર્થીકાળથી જ રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય હતા. તેમણે ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો અને ૨૬ મહિના જેલમાં વિતાવ્યા. જેલમાંથી મુક્ત થયા બાદ તેઓ સક્રિય રાજનીતિમાં આવ્યા. વર્ષ ૧૯૫૨માં કર્પુરી ઠાકુર પહેલીવાર બિહાર વિધાનસભાના સદસ્ય તરીકે ચૂંટાયા. તેઓ સોશિયલિસ્ટ પાર્ટીની ટિકિટ પર તાજપુરી વિધાનસભા સીટથી ચૂંટણી લડ્યા અને જીત્યા હતા. ત્યારબાદ તેઓ સતત ચારવાર વિધાનસભાના સદસ્ય રહ્યા હતા. સન ૧૯૬૭માં તેમણે બિહારના ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. વર્ષ ૧૯૭૦માં કર્પુરી ઠાકુર બિહારના મુખ્યમંત્રી બન્યા. તેમણે ગરીબો દલિતો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ લાગુ કરી. કર્પુરી ઠાકુરના મુખ્યમંત્રી રહેતા બિહારમાં પહેલીવાર બિન-લાભકારી જમીન પરનો મહેસૂલ નાબૂદ કરવામાં આવ્યો હતો. કર્પૂરી ઠાકુરનું નામ જ્યારે ચર્ચામાં આવ્યું ત્યારે તેમની સાથે જોડાયેલી એક જૂની ઘટનાનું પણ સ્મરણ થઈ રહ્યુ છે. ૮૦ના દાયકામાં કર્પૂરી ઠાકુર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા હતા. એવું કહેવાય છે કે ગૃહની કાર્યવાહી દરમિયાન એકવાર તેમને લંચ માટે તેમના નિવાસસ્થાને જવું હતું. તેણે પોતાની પાર્ટીના ધારાસભ્ય પાસે થોડીવાર માટે તેમની જીપ માંગી. ધારાસભ્યએ વળતો જવાબ આપ્યો કે મારી જીપમાં પેટ્રોલ નથી. તમે બે વખત મુખ્યમંત્રી રહ્યા છો, એક કાર કેમ નથી ખરીદી લેતા. મુખ્યમંત્રી બન્યા બાદ પણ કર્પૂરી ઠાકુર પાસે પોતાની કાર નહોતી. તેમની આ જ શાલીનતા માટે તેમને જનનાયક કહેવામાં આવે છે અને હવે તેમને મરણોપરાંત દેશનું સર્વોચ્ચ સન્માન મળવા જઈ રહ્યું છે. ભારત રત્ન એવોર્ડ આપવાની શરૂઆત ૨ જાન્યુઆરી ૧૯૫૪ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવી હતી. આ સન્માન રાજકારણ, કલા, સાહિત્ય, વિજ્ઞાન ક્ષેત્રે કોઈપણ વિચારક, વૈજ્ઞાનિક, ઉદ્યોગપતિ, લેખક અને સામાજિક કાર્યકરને આપવામાં આવે છે. ૧૯૫૪માં પ્રથમ ભારતરત્ન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ. રાધાકૃષ્ણન દેશના બીજા રાષ્ટ્રપતિ અને શિક્ષણશાસ્ત્રી હતા. ૧૯૫૪ સુધી આ સન્માન ફક્ત જીવિત લોકોને જ આપવામાં આવતું હતું. ૧૯૫૫ થી મરણોત્તર ભારતરત્ન આપવાનું શરૂ થયું. અત્યાર સુધીમાં કુલ ૪૮ વ્યક્તિઓને ભારતરત્ન એનાયત કરવામાં આવ્યા છે. છેલ્લી વખત આ સન્માન વર્ષ ૨૦૧૯માં આપવામાં આવ્યું હતું. ૨૦૧૯માં નાનાજી દેશમુખને (મરણોત્તર) સમાજ સેવાના ક્ષેત્રમાં ભારત રત્ન, ડૉ. ભૂપેન હજારિકા (મરણોત્તર) કલાના ક્ષેત્રમાં અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને જાહેર કાર્ય માટે ભારતરત્ન એનાયત કરવામાં આવ્યો હતો. હવે કર્પૂરી ઠાકુર (મરણોત્તર) ભારતરત્નથી સન્માનિત થનારા ૪૯મી હસ્તી હશે. આપને જણાવી દઈએ કે એક વર્ષમાં માત્ર ત્રણ જ ભારત રત્ન આપવામાં આવે છે. તેમજ ભારત રત્ન એવોર્ડ દર વર્ષે આપવામાં આવે તે જરૂરી નથી.

# હે કરુણાના કરનારા પ્રાર્થના થકી, જીવન છે ત્યાં સુધીમાં સત્ય પ્રેમ અને કરુણાનો યથાર્થ અર્થ સમજીએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે એક પિતાતુલ્ય સ્વજનની પૃથ્વી પરથી વિદાય થઈ, અને જીવ હોવાને નાતે ફરી મન દુ:ખથી ભરાઈ ગયું અને કંઠ ગદગદ્ .. ગમે તેટલું જ્ઞાન હોય આ એક સત્ય સ્વીકારવું પડે ત્યારે સૌથી અઘરું લાગે,પણ સ્વીકાર્યા વગર છુટકો પણ નથી. આમ તો આ આધુનિકતાનાં યુગમાં આપણે જે રીતે વિજ્ઞાન વિકાસ ને નામે સંવેદન હીન થતાં જઈએ છીએ, એ જોઈને એમ પણ થાય કે જો જન્મ મૃત્યુ નામના બે છેડા ઈશ્વરે પોતાને હાથ ન રાખ્યાં હોત, તો તો શું નું શું એ થાત!! આધ્યાત્મિક રીતે વિચારીએ તો મનુષ્યનો જન્મ એટલે સત્ય, જીવન એટલે પ્રેમ, અને મૃત્યુ એટલે ઈશ્વરની કરુણા,આ ત્રણ તબક્કામાં તે વહેંચાયેલો રહે છે. મનુષ્યને જન્મથી અમુક પ્રકારના સંસ્કાર મળે છે, અને તે સારી નરસી પરિસ્થિતિમાં એ સંસ્કાર પ્રમાણે ધૈર્યથી કે ઉતેજીત થઈ જીવે છે. માનવી સંસ્કારી હોય તો સારી વાત છે, પરંતુ સમાજમાં આજકાલ સંસ્કારને નામે દંભ થઈ રહ્યો છે, કોઈપણ વાત હોય એટલે દંભ દેખાડાથી પોતાની જીવનશૈલીનું પ્રદર્શન કરવું, એ આજકાલની પેઢીની સૌથી મોટી દ્વિધા છે. અને તેમાંથી દેખાદેખી, ઈર્ષા, નિંદા, જેવા અવગુણને પોષણ મળે છે. જીવન આંધળી દોટ મુકી અને ગમે તે દિશામાં દોડે છે, ત્યાં કુસંગ પણ થઈ શકે અને માર્ગ ભટકી પણ શકાય. આ બધી શક્યતાઓને નકારી અને જીવ આખરે શું શોધવા નીકળે છે.સામેની વ્યક્તિને વાણી કે દેખાવથી પ્રભાવિત અવશ્ય કરી શકાય, પરંતુ જીવન પ્રકાશિત એ રીતે ક્યારેય થતું નથી, એ વાત હંમેશા યાદ રાખવી. બે પાંચ મિનિટની વાહ વાહ માટે થઈને જીવનને પતન તરફ દોરી જવું તે



કેટલે અંશે યોગ્ય છે? અને આ કોઈ એક વર્ગની વાત નથી, સમાજના ૭૦ ટકા લોકો અત્યારે આ રીતનું જીવન જીવી રહ્યા છે. તેમના મનમાં એમ છે કે આવતીકાલનો કોઈ જ ભરોસો નથી, માટે માણી લ્યો! પણ શું આ ભોગવિલાસ, કે કામના પુર્તી ને જ જીવન માણ્યું કહેવાય ખરું?

બગીચામાં બેઠા હોઈએ તો બગીચાના ફૂલ છોડ ના દેખાય, પરંતુ ત્યાંના અન્ય લોકોના પહેરવેશ અને બોલી દેખાય તો સમજવું, કે એને માણતા નથી આવડતું. પ્રકૃતિને નિહાળીએ ત્યારે એકાદ ઉદગાર તો એ હજાર હાથવાળા માટે નીકળવો જ જોઈએ, જે રોજ સવારે સૂર્યને પ્રકાશિત કરે છે, આપણને જગાડે છે, અને નિરંતર પવન, પાણીને વહાવે છે. આ બાગ બગીચા હર્યાભર્યા થાય છે, ખેતરોમાં પાક લહેરાય છે. સૌથી મહત્વનું તો જન્મેલું બાળક ધીરે-ધીરે કાલુ કાલુ બોલતું થાય અને એ બાળક જીવનની રફતાર માં દોડવા લાગે છે! આ બધી વાત સાથે તો સૌકોઈ સંમત થશે, કે જ્યારે પરમાત્મા એ જન્મ આપીને પૃથ્વી પર મોકલ્યા હતા, એવા નિખાલસ તો અહીં કોઈ રહેતું નથી.ધીરે શારીરિક વૃદ્ધિની સાથે સાથે માનસિક વૃત્તિની વૃદ્ધિ પણ થાય છે, એ સારી ખરાબ બંને રીતે થઈ શકે,પણ માની લઈએ કે માનસિક વૃદ્ધિ ખરાબ થાય, અને જીવ ગમે તેમ આડેધડ જીવે, અનીતિ ને ભ્રષ્ટાચાર કરી જીવન જીવે, છતાં ઈશ્વર એ બધું યાદ રાખ્યા વગર અપંરપાર કરુણા કરે છે, ત્યારે જીવને ઈશ્વરની સાચી કિંમત થાય છે, અને તે જે પ્રાર્થના કરે છે એ વિશે આપણે આજે વાત કરીશું.

**"કરુણાના કરનારા"**
**હે કરુણાના કરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**હે સંકટના હરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**મેં પાપ કર્યા છે એવાં,**
**હું તો ભૂલ્યો તારી સેવા,**
**મારી ભૂલોને ભૂલનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**હું અંતરમાં થઈ રાજી,**
**ખેલ્યો છું અવળી બાજી,**
**અવળી સવળી કરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**હે પરમ કૃપાળુ વ્હાલા,**
**મેં પીધા વિષના પ્યાલા,**
**વિષને અમૃત કરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**કદી છોરુ કછોરું થાયે,**
**પણ તું માવતર કહેવાયે,**
**મીઠી છાયાના દેનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**મને જડતો નથી કિનારો,**
**મારો ક્યાંથી આવે આરો,**
**મારી નાવના ખેવણહારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**છે જીવન મારું ઉદાસી,**
**તું શરણે લે અવિનાશી,**
**મારા દિલમાં હે રમનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**

આ રચનાના રચયિતા પણ અજ્ઞાત છે, પરંતુ જૈન ધર્મનું સ્તવન છે. આટલી સુંદર રચના!! છતાં અજ્ઞાત! ભગવાન મહાવીર કરુણા અવતાર કહેવાય છે, એટલે તેને સંબોધીને આખી પ્રાર્થના ગવાઈ છે. કવિ ભગવાનને કહે છે, કે હે કરુણા કરનાર જીવનના સંકટ સમયને હરનારા તારી કરુણા અપાર છે.આમ તો આ આખી પ્રાર્થના આત્મનિવેદન પર જ છે. કવિ ઈશ્વરને કહે છે, કે આખી જીંદગીમાં ખૂબ પાપ કર્યા છે, અને તારી સેવા પૂજા કરવાનું હું ભૂલી ગયો છું, જીવન ને એક સ્પર્ધાની જેમ જીવ્યો છું, અને હંમેશા અનીતિથી કે ઈર્ષા કરીને કે અવળી બાજી એટલે ખોટી રીતે જીત મેળવી અંદરથી રાજી થાઉં છું.

સંસાર કે સંબંધ ને નામે મને વિષ જ મળ્યું છે,એ વિષ ને તે અમૃતમાં ફેરવનારા તારી કરુણા અપાર છે. હે ઈશ્વર અમે તો છોરું કહેવાઈએ, પણ તમે તો મીઠી છાંયા આપે એવા માવતર છો, તમારી કરુણા અપાર છે. જીદગી ના એવા દોરાહા પર હું ઉભો છું, કે મને ક્યાંય આરો દેખાતો નથી, મારી ડુબતી નાવના ખેવણહાર તારી કરુણા અપાર છે.જીવનના ચડ ઉતાર કે પછી સંબંધોના તૂટવાથી કે પછી આજ સુધીના જીવનના પશ્ચાતાપથી હું બહુ ઉદાસ છું, મને તમારા શરણમાં રાખી લ્યો કે નિત્ય સ્થાન આપો,મારા હદયમાં નિરંતર રહી એટલે કે વાસ કરનારા, કે રમનારા તારી કરુણા અપાર છે.

ઈશ્વરને એટલે જ કરુણા નીધી ,કરુણા સાગર, કૃપા નિધાન,તેમજ પરમ કૃપાળુના સંબોધન કરવામાં આવે છે. તેની કરુણા અપાર છે. માનવીનો ઈશ્વર તરફ ભરોસો હોય કે ન હોય, પરંતુ ઈશ્વરનો તો માનવીમાં અતૂટ ભરોસો છે, અને એનું પ્રત્યક્ષ પ્રમાણ છે, કે રોજ રોજ દુનિયામાં કેટલાય બાળકનો જન્મ થાય છે, એ દરેકને જન્માવતી વખતે તો તે અવશ્ય એમ જ વિચારતો હશે કે ના,આ તો સારું જ જીવશે, અને સૃષ્ટિનુ સંતુલન બગાડશે નહીં. અથવા તો અન્ય ને સારું જીવન જીવવા પ્રેરણા આપશે, અને વળી પાછી આ સૃષ્ટિ સુંદર થશે! સો ટકા ઈશ્વર ના આવા કંઈક જ ભાવ રહ્યા હશે, એટલે જ આ જન્મનો દર યથાવત રહે છે, અથવા તો વધતો જ જાય છે.આપણે સૌ તેની કરુણાનો અનુભવ કરીને, તેણે જે વિચારીને જન્મ આપ્યો છે,તે મુજબનું જીવન જીવી તેને પ્રસન્ન કરીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે, તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

જય શ્રી રામ..

રામનામ લીન હૈ દેખત સબ મે રામ તાકી પદ વંદન કરું... આપણી સંસ્કૃતિનું ઉમદા ઘડતર ખાનપાન રહેણી કરણી છે.સુખ શાંતિ સમૃદ્ધિ ભક્તિ શક્તિની આરાધના માં છે. ભૂલવું ન જોઈએ. શ્રીમદ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે આજ ની અશાંતિનું કારણ જીવ ઈશ્વરને ભૂલ્યો છે તે છે. રાયને શાંતિ નહીં, રંકને શાંતિ નહીં, મુર્ખને શાંતિ નહીં, વિદ્વાનને શાંતિ નહીં, ક્યાંય શાંતિ કેમ નથી તેનો વિચાર કરો. ભગવાન આનંદસ્વરૂપ છે. ભગવાનને આનંદની જરૂર નથી, ગોપીઓને આનંદનું દાન કરવા ભગવાને આ લીલા કરી છે. ગોપીઓને પરમાનંદનું દાન કર્યું. જીવ અને ઈશ્વરનું મિલન થયું. પરમાત્મા સાથે મિલન થયા પછી પણ સાધકે સાધન ચાલુ રાખવું પડે છે. સાધન કરતાં અનેક સિદ્ધિ ઓ મળશે, પરમાત્મા મળશે, પણ સાધન છોડશો નહીં. મન દગાખોર છે, કપટી છે.

રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં. અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી, સેવા કરવાની જરૂર નથી તો ભગવાનને ય કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે. જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ, સેવા, કીર્તન ચાલુ રહે. જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે. સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે. સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે,પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે, એટલે અભિમાન આવે છે. અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડ નાર તેમના ચેલા હોય છે. ચેલા ઓની જમાત,બાપજી બાપજી કરે એટલે સાધુમાં હું પણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું,હું સિદ્ધ છું.પણ મનમાં દંભપેઠો અભિમાન પેઠું,કીર્તિની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી. એમ આદત પડી જવી જોઈએ.



ઈશ્વરનાં દર્શન પછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે. આમ ન બનવા પામે તેની કાળજી રાખજો.સાધન છોડવામાં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે, તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન. ભજનમાં દૈન્યભાવ જરૂરનો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તે દીન છે.

દીનતા થી ભક્તિ દૃઢ થાય છે. આટલા આત્મ સમર્પણવાળી ગોપીને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએ એટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે. જેને બહુ માન મળે તેનામાં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયું કે શ્રીકૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી. ગોપીઓને લાગ્યું કે, ભગવાન ઉપર ઉપરથી ના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપીઓમાં આવો લૌકિક ભાવ જાગ્યો, આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદૃશ્ય થયા. ભગવાનતો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છે કે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી. ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવા ના છે, પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા.

રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા.હાય, હાય દશમો ગયો ક્યાં? નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા. એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછયું, પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે, કે પરમાત્મા નો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો. ઘણી વખત જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે.

કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડે છે. સાધન છોડે છે ને ઈશ્વરથી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતિ થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે. પુંડલિકની માતાપિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢરપુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે. કોઈ વખત માતાપિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે. ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા.

ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતાપિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડી જવાને બદલે ભગવાનને કહે છે, હું મારાં માતા પિતાની સેવામાં રોકાયેલો છું, અને ઝૂંપડીમાં જગ્યા નથી, આપ બહાર ઊભા રહો? મારાં માતા પિતાની સેવાથી પરવારી હું બહાર આવું છું.પુંડલિકે વિચાર કર્યો કે,મને ભગવાન મળ્યા તે માતા પિતાની સેવાથી મળ્યા. એટલે શ્રેષ્ઠ કોણ?માતાપિતા કે ભગવાન ? એણે તરત નિર્ણય કરી લીધો,ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છે કે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે? માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં. ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો.

ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી.બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા. પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડ ઉપર હાથ રાખ્યા. તે સૂચવે છે કે કેડપૂર જળમાં કોઈ ડૂબે નહીં, જે મારાં ચરણનો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે. કેડ સમાણો! બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી. પુંડલિક માતાપિતાની સેવા કરીને પછી બહાર આવે છે.

પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, તો પણ માતાપિતાની સેવા છોડીને ભગવાનને મળવા ગયા નથી એટલે કે એણે સાધન છોડયું નથી. સાધન છૂટશે તો ભગવાન અંત ર્ધ્યાન થશે, અદૃશ્ય થશે. પુંડલિકની જેમ સાધ્ય મળે, તો પણ સાધન છોડશો નહીં. રાસમાં ગોપીઓને અભિમાન થયું તેથી ભગવાન અદૃશ્ય થયા. અભિમાન પ્રભુ આડે પડદો ઊભો કરે છે. અભિમાન જાગે ત્યારે જ સાધનમાં ઉપેક્ષા જાગે છે, ને પછી પતન થાય છે.ભગવાન ત્યાં જ હતા પણ ગોપી ઓને દેખાતા નથી. અંતર્ધ્યાન થયા એટલે શ્રીકૃષ્ણે ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રી કૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા. ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી.જીવ ભગવાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી. ભગવાન કહે છે, હું તો જીવને અપનાવવા તૈયાર છું, પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવું ને! ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે, અંદર નહીં. એટલે એને આનંદ મળતો નથી. તમારો આનંદ બીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ. સ્ત્રીથી, કપડાંથી, ધનથી આનંદ મળે તો તેના વિયોગથી તમને દુ:ખ થશે. તમારો આનંદ કોઇને આધીન હશે, તો તે દુ:ખ આપશે જ. માટે દુ:ખી ન થવું હોય તો અંતર્મુખ દૃષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો.ફક્ત એક ભગવાન આનંદ રૂપ છે. બાકી આ જગત તો દુ:ખરૂપ છે, ને અનિત્ય છે.વાચક ચાહક મિત્રો આપ સૌએ ગત બાવીસમી જાન્યુઆરીએ જે માહોલ જોયો તેમાં રામ કેન્દ્ર બિંદુ હતા એટલે જ આનંદ પ્રજાનો બહાર દેખાણો બસ ઈશ્વરીય તત્ત્વ જ હૃદય મનની શાંતિ ખુશીને ચરમસીમાએ પહોચાડી શકે છે. બાકી બીજી બાજુ તરફ કોઈ ધ્યાન આપતુ નથી. બીજા દિવસે ભલેને ગમે તે થાય. આજનો આનંદ માણી લઈએ. જય શ્રી રામ.

# સલમાન ખાનના શોમાંથી વિક્કી જૈન થયો બહાર

## અંકિતાએ કહ્યું કે, આ તેના માટે ખૂબ જ મુશ્કેલ જર્ની હતી, કારણ કે તેણે આ જર્ની દરમિયાન અન્ય લોકો સાથે ઘણી લડાઈ કરી હતી

અંકિતા લોખંડેના પતિ વિકી જૈનને બિગ બોસ ૧૭માંથી બહાર કરવામાં આવ્યો છે. બિગ બોસના તાજેતરના એપિસોડમાં ગ્રાન્ડ ફિનાલેમાં જતા ટોપ ૫ ફાઈનલિસ્ટને પસંદ કરવાની પ્રક્રિયા તમામ સ્પર્ધકોને એક્ટિવિટી એરિયામાં બોલાવીને શરૂ કરવામાં આવી હતી. અભિષેક કુમાર પ્રથમ ફાઈનલિસ્ટ બન્યા, તેમના પછી મન્નારા ચોપરા અને મુનાવર ફારૂકીને ફાઈનલિસ્ટ જાહેર કરવામાં આવ્યા અને પછી બિગ બોસે વિકીને અરુણ મહાશેટી, અંકિતા લોખંડેને ફાઈનલિસ્ટ જાહેર કરી. વિક્કી જૈન ઘરમાંથી બહાર નીકળી ગયો છે. અંકિતા લોખંડે પોતાના પતિને બહાર કાઢવાના સમાચાર સાંભળીને ખૂબ રડવા લાગી હતી. બિગ બોસે પોતાનો નિર્ણય જાહેર કર્યા પછી અંકિતા અને વિક્કીએ તેમની બિગ બોસની જર્ની વિશે જાણવાનો પ્રયાસ કર્યો. અંકિતાએ કહ્યું કે, આ તેના માટે ખૂબ જ મુશ્કેલ જર્ની હતી. કારણ કે તેણે આ જર્ની દરમિયાન અન્ય લોકો સાથે ઘણી લડાઈ કરી હતી.

પરંતુ જ્યારે તેના પતિની વાત આવી ત્યારે તેણે હાર સ્વીકારી લીધી હતી. વિક્કીએ કહ્યું કે તે હવે તેના સંબંધોને વધુ સારી રીતે સમજવા લાગ્યો છે અને તે ખુશ છે કે બિગ બોસના કારણે તેને તેની ભૂલો વિશે જાણ થઈ છે. બિગ બોસનું ઘર છોડતા પહેલા વિક્કીએ બધાને ગળે લગાવ્યા હતા. અંકિતા પણ રડી પડી અને તેના પતિને ગળે લગાવી અને કહ્યું કે, તેને વિક્કી પર કેટલો ગર્વ છે. અંકિતાએ કહ્યું, ''તમે ખૂબ જ સારી રમત રમી છે.'' તમે કોઈપણ આધાર વિના અહીં આવ્યા અને શોમાં તમારી જગ્યા બનાવી છે. મને તમારી પત્ની હોવાનો ગર્વ છે. હું ગર્વથી કહી શકું છું કે હું વિક્કી જૈનની પત્ની અંકિતા લોખંડે છું. અંકિતાને રડતી જોઈ વિક્કીએ અંકિતાને ચીડવ્યું અને કહ્યું કે, તેને હવે બહાર જવું જોઈએ. કારણ કે તે પાર્ટીમાં કરવાનો છે. બિગ બોસ પણ મજાકમાં જોડાયા અને કહ્યું કે તે પણ બહાર પાર્ટી કરવા માટે વિક્કીની રાહ જોઈ રહ્યા છે.



### ફાઈટરની રીલિઝ પહેલા મોટો ફટકો

# હૃતિક રોશનની ફિલ્મ ફાઈટર પર મધ્ય પૂર્વના ઘણા દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો

## આ ફિલ્મનું નિર્દેશન સિદ્ધાર્થ આનંદ દ્વારા કરવામાં આવ્યું છે, જેણે અત્યાર સુધી ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે

હૃતિક રોશન અને દીપિકા પાદુકોણની એરિયલ એક્શન ફિલ્મ 'ફાઈટર'ને લઈને ભારે ચર્ચા છે. ટૂંક સમયમાં આ ફિલ્મ સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મ એડવાન્સ બુકિંગમાં પણ જબરદસ્ત કલેક્શન કરી રહી છે. તેની રિલીઝ માટે માત્ર એક જ દિવસ બાકી છે. આ દરમિયાન 'ફાઈટર'ના નિર્માતાઓને મોટો ઝટકો લાગ્યો છે. હૃતિક રોશનની ફિલ્મ 'ફાઈટર' પર મધ્ય પૂર્વના ઘણા દેશોએ પ્રતિબંધ મૂક્યો છે. ફિલ્મ બિઝનેસ એક્સપર્ટ અને પ્રોડ્યુસર ગિરીશ જોહરે કહ્યું કે હૃતિક રોશનની ફિલ્મ 'ફાઈટર' પર UAE (યુનાઈટેડ આરબ અમીરાત) સિવાય તમામ મિડલ ઈસ્ટ દેશોમાં પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (Twitter) પર એક પોસ્ટ શેર કરતા આ માહિતી આપી છે. તેમણે પોસ્ટમાં લખ્યું, 'મધ્ય પૂર્વના ઘણા દેશોમાં ફાઈટર પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ફિલ્મ પીજી૧૫ ક્લાસિફિકેશન સાથે યુએઈના થિયેટરોમાં રિલીઝ થશે.

એક અહેવાલમાં સોર્સના આધારે કહેવામાં આવ્યું છે કે ફિલ્મની ટીમ સાથે સંકળાયેલા એક સૂત્રએ પુષ્ટિ કરી છે કે યુએઈ સિવાયના તમામ ખાડી દેશોમાં 'ફાઈટર'ની રિલીઝ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે, મેકર્સે હજુ સુધી આ બાબતે તેમનું સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી. ભલે હૃતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ 'ફાઈટર'ને ખાડી દેશોના સેન્સર બોર્ડ તરફથી લીલી ઝંડી ન મળી હોય, પરંતુ આ ફિલ્મ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ભારતીય સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે.

ભારતીય વાયુસેના પર આધારિત આ અદ્ભુત એક્શન ફિલ્મમાં હૃતિક રોશન અને દીપિકા પાદુકોણ ઉપરાંત અનિલ કપૂર, કરણ સિંહ ગ્રોવર અને સંજીદા શેખ જેવા સ્ટાર્સ જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન સિદ્ધાર્થ આનંદ દ્વારા કરવામાં આવ્યું છે, જેણે અત્યાર સુધી ઘણી સુપરહિટ ફિલ્મો આપી છે. ગયા વર્ષે ૨૦૨૩માં શાહરૂખ ખાને ફિલ્મ 'પઠાણ'થી સિલ્વર સ્ક્રીન પર જોરદાર કમબેક કર્યું હતું. આ ફિલ્મનું નિર્દેશન સિદ્ધાર્થ આનંદે કર્યું હતું. રિલીઝ થયા બાદ પઠાણે વિશ્વભરમાં ૧૦૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.



# મેધા એક ફિલ્મ હિટ આપીને દેશમાં છવાઈ ગઈ

## ફિલ્મ રીલિઝ પહેલા ભાગ્યે જ કોઈ મેધા શંકરનું નામ જાણતું હશે, પરંતુ હવે લોકો તેને જાણવામાં રસ લઈ રહ્યા છે, ફિલ્મ દિલ બેકરારમાં પણ સપોર્ટિંગ ભૂમિકા ભજવી હતી

હાલમાં જ, IMDB ભારતની સૌથી લોકપ્રિય ભારતીય સેલેબ્સની યાદી ૧૬ જાન્યુઆરીએ અને સપ્તાહના અંતે બહાર પાડવામાં આવી હતી. તેમના મતે, મેધા શંકર તેની ફિલ્મ ૧૨ં૨ ફેલ તરફના નવી ફોલોઈંગ અને ક્રેઝના કારણે પહેલા સ્થાન પર છે, જે સિનેમાઘરોમાં સફળતાપૂર્વક ચાલી રહી છે અને પોતાની ડિજીટલ રિલીઝ બાદ પ્રશંસા મેળવી રહી છે. સિનેમાઘરોની બાદ લોકોને ડિઝની હૉટસ્ટાર પર ૧૨ં૨ ફેલ ફિલ્મને પણ ઘણો પ્રેમ આપ્યો અને દર્શકો તેના પોતપોતાના સોશિયલ એકાઉન્ટ પર શાનદાર ફીડબેકની સાથે લાંબી-લાંબી પોસ્ટ પણ લખી રહ્યા છે. ફિલ્મના મુખ્ય કલાકાર અને મેધાને કો-સ્ટાર વિક્રાંત મૈસી નંબર ૨ સ્થાન પર છે. શાહરુખ ખાન, સલમાન ખાન, પ્રભાસ, હિતિક અને દીપિકા પાદુકોણ જેવા સુપરસ્ટાર્સ પણ પાછળ રહી ગયાં છે. ફિલ્મ રીલિઝ પહેલા મેધા શંકરનું નામ ભાગ્યે જ કોઈ જાણતું હશે પરંતુ હવે લોકો તેને જાણવામાં રસ લઈ રહ્યા છે. એક અભિનેત્રી તરીકે, મેધાની પ્રોફાઈલ પહેલેથી સ્થાપિત કલાકારો કરતાં વધુ સર્ચ કરવામાં આવી હતી. ખાસ કરીને જ્યારે તેની ફિલ્મ આખા ભારતમાં ધૂમ મચાવી રહી છે. ગયા વર્ષના અંતમાં, અન્ય એક નવી બોલિવૂડ સેન્સેશન તૃપ્તિ ડિમરીને પણ આ પ્રકારે શોધવામાં આવી હતી, જેણે રણબીર કપૂરની સાથે એનિમલમાં કામ કર્યુ હતું. હવે 12th ફેલની હીરોઈન વિશે લોકો ખૂબ જ તપાસ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ તેના ફોલોઅર્સ પહેલાં કરતાં ઘણાં વધી ગયાં છે. શું તમે જાણો છો કે મેધા શંકર કોણ છે? નોઈડામાં જન્મેલી અને ઉછરેલી, મેધા માત્ર અભિનેત્રી જ નથી પરંતુ પ્રશિક્ષિત શાસ્ત્રીય ગાયિકા પણ છે. તેણી પ્રતિષ્ઠિત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, દિલ્હીમાંથી ફેશન મેનેજમેન્ટમાંથી ગ્રેજ્યુએટ છે, પરંતુ તેણીએ અભિનયને પોતાના કરિયર તરીકે પસંદ કર્યું. મેધાએ ૨૦૨૧માં રિલીઝ થયેલી શાદીસ્થાન સાથે બોલિવૂડમાં પ્રવેશતા પહેલા ૨૦૧૯ માં બ્રિટિશ ટીવી શ્રેણી બીચમ હાઉસમાં અભિનયની શરૂઆત કરી હતી. બીજા વર્ષે તે બીજી ઈન્ડી ફિલ્મ મેક્સ, મિન ઔર મેવઝાકીમાં જોવા મળી. આ સાથે મેધાએ ડિઝની પ્લસ હૉટસ્ટારની ફિલ્મ દિલ બેકરારમાં પણ સપોર્ટિંગ ભૂમિકા ભજવી હતી. પરંતુ 12th ફેલથી તેને સફળતા મળી. વિધુ વિનોદ ચોપડાની ફિલ્મમાં મેધા શંકરે લીડ રોલ નિભાવ્યો જે IPC મનોજ કુમાર શર્માની વાસ્તવિક સફળતાની કહાણી પર આધારિત હતી. ફિલ્મમાં મેધાએ શ્રદ્ધા જોશ, મનોજની સાથી IAS ઉમેદવાર, અંતતઃ જીવનસાથી અને ખુદ એક IAS અધિકારીની ભૂમિકા નિભાવી.





### શિલ્પા શેટ્ટીનો ભગવા પ્રેમ

# શિલ્પા જય શ્રી રામ ધ્વજ સાથે સિદ્ધિવિનાયક મંદિર પહોંચી

## રામ ભક્તોથી ભરપૂર મરાઠામોલા સાજ કેસરી સાડીમાં અભિનેત્રી શિલ્પા શેટ્ટીની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી

રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાનું ખૂબ જ ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. રામ મંદિરના ઉદ્‌ઘાટનની સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી હતી. રામ ભક્તોથી ભરપૂર મરાઠામોલા સાજ કેસરી સાડીમાં અભિનેત્રી શિલ્પા શેટ્ટીની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી હંમેશા ચર્ચામાં રહે છે. હાલમાં જ શિલ્પા શેટ્ટીની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. શિલ્પા શેટ્ટી ટ્રેડિશનલ લુકમાં જોવા મળી રહી છે. રસપ્રદ વાત એ છે કે શિલ્પા શેટ્ટીના ફેન્સને આ લુક ઘણો પસંદ આવ્યો છે. તાજેતરમાં જ શિલ્પા શેટ્ટી સિદ્ધિવિનાયક મંદિરની બહાર જોવા મળી હતી. આ વખતે શિલા શેટ્ટી પાપારાઝીને ખાસ પોઝ આપતી જોવા મળી હતી. શિલ્પા શેટ્ટી કેસરી રંગની સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. શિલ્પા શેટ્ટીના હાથમાં 'જય શ્રી રામ' લખેલો ધ્વજ જોવા મળી રહ્યો છે. શિલ્પા શેટ્ટીને જોવા માટે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. શિલ્પા શેટ્ટીની આ તસવીરો વાયરલ થઈ રહી છે. આ ફોટો પર ફેન્સ ઘણી કોમેન્ટ કરી રહ્યા છે.

### હું મારા કામ દ્વારા મારી જાતને વ્યક્ત કરું છું

# અનન્યા ૧૩ વર્ષ મોટા બોયફ્રેન્ડ સાથે ફોટા લીક

## અનન્યા પાંડેએ ૨૦૧૯ની ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'થી બોલિવૂડમાં શાનદાર એન્ટ્રી કરી હતી

અનન્યા પાંડેએ ૨૦૧૯ની ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'થી બોલિવૂડમાં શાનદાર એન્ટ્રી કરી હતી. તાજેતરમાં, અનન્યા પાંડે નેટફ્લિક્સ ફિલ્મ 'ખો ગયે હમ કહાં'માં જોવા મળી હતી અને આ ફિલ્મમાં તેના શાનદાર અભિનયથી તેણે દર્શકોની સાથે સાથે વિવેચકોને પણ પ્રભાવિત કર્યા હતા. હાલમાં જ શોશા સાથેની ખાસ વાતચીત દરમિયાન અભિનેત્રીએ પોતાની અંગત અને પ્રોફેશનલ લાઈફ વિશે ખુલીને વાત કરી છે. ગયા વર્ષે અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂરની ઘણી અંગત તસવીરો સોશિયલ મીડિયા પર લીક થઈ હતી. જ્યારથી આ તસવીરો સામે આવી છે, ત્યારથી આ કપલના સંબંધો વિશે અટકળોએ જોર પકડ્યું છે. ગયા વર્ષે વાયરલ થયેલા ફોટામાં અનન્યા પાંડે તેના બોયફ્રેન્ડ સાથે વેકેશન મનાવતી જોવા મળી હતી જે તેના કરતા ૧૩ વર્ષ મોટો છે. આ તસવીરો લીક થવા અંગે વાત કરતાં અનન્યા પાંડેએ જણાવ્યું કે, હવે આ બધી બાબતોથી તેના માટે બહુ ફરક નથી પડતો. અભિનેત્રી કહે છે કે, જ્યારે તેણે ઈન્ડસ્ટ્રીમાં આવવાનું નક્કી કર્યું ત્યારે તે જાણતી હતી કે તેણે આ બધું સહન કરવું પડશે. અનન્યા પાંડે વધુમાં કહે છે કે, 'જ્યારે તમે અભિનેતા હો ત્યારે લોકો તમારા વિશે જાણવા માગે છે અને તમારી અંગત જિંદગી વિશે હંમેશા ઉત્સુક હોય છે.' જો કે, તેણીએ વધુમાં જણાવ્યું હતું કે, તેણી તેના અંગત જીવનને લોકોની નજરથી દૂર રાખવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરે છે.







# સ્વપ્રિલ રામાયણમાં ૯ વર્ષની ઉંમરમાં બન્યા હતાં શ્રીરામના દીકરા

## રામાયણની સિવાય તેણે ટેલીવિઝનમાં કૃષ્ણામાં પણ એક યંગ શ્રીકૃષ્ણની ભૂમિકા ભજવી હતી

સ્વપ્રિલ જોશી આમતો એક મરાઠી એક્ટર છે જેણે ઘણાં શો અને ફિલ્મોમાં કામ કર્યું છે. જોકે, મોટા સ્તરે ઓળખ તેને રામનંદ સાગરની રામાયણમાં કુશના પાત્રથી મળી હતી, જે તેના અને આપણાં તમામ લોકો માટે ખૂબ જ યાદગાર છે. એક્ટર જ્યારે રામાનંદ સાગરની રામાયણમાં શ્રીરામના પુત્રના રુપમાં આવ્યો હતો, ત્યારે તેની ઉંમર ફક્ત ૯ વર્ષની હતી. તે રામાનંદ સાગરના શો ઉત્તર રામાયણમાં જોવા મળ્યો હતો અને આજે રામ મંદિરના ગર્ભ ગૃહમાં શ્રીરામના વિરાજમાનના સાક્ષી હોવા પર પોતાને ગૌરવાવન્તી અનુભવી રહ્યા છે. હાલમાં જ તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી જેમાં તે લખે છે, મેં ઉત્તર રામાયણ સિરીયલમાં પ્રભુ શ્રીરામજીના પુત્ર, ભગવાન કુશનું પાત્ર ભજવ્યુ હતું. મારા અહોભાગ્ય કે મને નાની ઉંમરમાં આ અવસર મળ્યો. જે મારા જીવનનો અલૌકિક સમય રહ્યો. પ્રભુ શ્રી રામજીના ચરણોમાં મારી આ નાનકડી સેવા અર્પણ! તેણે આગળ પોતાની પોસ્ટમાં લખ્યું, પાવન ભૂમિ અયોધ્યામાં, જ્યારે શ્રી રામ મંદિરનું લોકાર્પણ થઈ રહ્યું છે, એક હિન્દુ, એક ભારતીય હોવાના નાતે આ મારા જીવનનો એક પરમોચ્ચ આનંદદાઈ ક્ષણ છે!

સિયાવર રામચંદ્ર કી જય! ભલે સ્વપ્રિલને અયોધ્યામાં નિમંત્રણ ન મળ્યું હોય પરંતુ, તે અયોધ્યાના મંદિર નિર્માણમાં પ્રભુ શ્રીરામના આગમનથી ખૂબ જ ખુશ છે. આમતો રામાયણની સિવાય તેણે ટેલીવિઝનમાં કૃષ્ણામાં પણ એક યંગ શ્રીકૃષ્ણની ભૂમિકા ભજવી હતી. તેમાં તેને લોકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યા હતાં. ડઝનો ફિલ્મમાં કામ કરી ચુકેલા સ્વપ્રિલ મહારાષ્ટ્ર કુસ્તી દંગલમાં 'વિદર્ભચે વાઘ'નામની એક કુશ્તી ટીમના માલિક છે. વાત જો સ્વપ્રિલ જોશીની પર્સનલ લાઈફને લઈને કરીએ તો તે ૨ વાર લગ્ન કરી ચુક્યો છે.

# ૭૫માં પ્રજાસત્તાક દિને ધ્વજવંદન સહિતના યોજનાર કાર્યક્રમોનું ફાઈનલ રિહર્સલ કરાયું

## પ્રજાસત્તાક દિને પરેડમાં કદમતાલ મિલાવવા માટે પોલીસ જવાનોમાં ઉત્સાહ



। (માહિતી) જૂનાગઢ, તા.૨૪ ।

૭૫માં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણીનું પી.ટી.સી. ગ્રાઉન્ડ ખાતે ફાઈનલ રિહર્સલ કરવામાં આવ્યું હતું. કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, પોલીસ મહાનિરીક્ષણ શ્રી નિલેશ જાજડિયા, કમિશનર શ્રી રાજેશ તન્ના, જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા સહિતના અધિકારીઓએ આ અંતિમ રિહર્સલનું નિરીક્ષણ કર્યું હતું. આ રિહર્સલમા પોલીસ સહિતની એજન્સીઓએ શિસ્તબદ્ધ રીતે પરેડ કરી હતી. સાથે જ રોમાંચ પેદા કરનાર અશ્વ શો, ડોગ શો, બાઈક સ્ટંટ શો અને ૪ પ્રોફેશનલ ગ્રુપ સાથેનો ૧૩ કલા જૂથો સાથોની કલ્ચરલ મેગા ઈવેન્ટનું પણ રિહર્સલ કરવામાં આવ્યું હતું.

આ રિહર્સલમાં પોલીસ સહિતના જવાનો પ્રજાસત્તાક દિનની પરેડમાં કોઈ કસર ન રહે તે રીતે જુસ્સાભેર પરેડ કરી હતી અને ૨૬મી જાન્યુઆરીએ થનાર પરેડમાં કદમતાલ મિલાવવા માટે એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સાથે કલ્ચરલ મેગા ઈવેન્ટમાં પ્રોફેશનલ કલાકારો સાથે વિદ્યાર્થીઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ૨૬મી જાન્યુઆરીએ ધ્વજ વંદનનો સમગ્ર કાર્યક્રમ ગરીમામય અને સુચારુ રીતે યોજાય માટે કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શ કર્યો હતો. સાથે જ મંચ પરની બેઠક વ્યવસ્થા, આમંત્રિત મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, પીવાના પાણી સહિતની પ્રોટોકોલ અનુસારની વ્યવસ્થા માટે માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. કલેકટરશ્રીએ નકશાના માધ્યમથી પણ સમગ્ર વ્યવસ્થાઓ જાણી - સમજી હતી. આ તકે નિવાસી અધિક કલેકટર શ્રી એન. એફ. ચૌધરી, નોડલ અધિકારી નાયબ પોલીસ અધિક્ષક શ્રી પરમાર સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ આંગણવાડીઓમાં પૂર્ણા દિવસની ઉજવણી કરાઇ



। (માહિતી બ્યુરો) દેવભૂમિ દ્વારકા, તા.૨૪ ।

આઈ.સી.ડી.એસ વિભાગની પૂર્ણા યોજના અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ આંગણવાડીઓમાં પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓનું હિમોગ્લોબિન તપાસ કરવામાં આવી હતી.

## ખેડા તાલુકાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે પ્રજાસત્તાક દિન

# કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક દિન કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું





। (માહિતી) નડિયાદ, તા.૨૪ ।

૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ શુક્રવારના રોજ સમગ્ર દેશમાં ૭૫મા પ્રજાસતાક દિવસની ઉજવણી કરવામાં આવશે. ખેડા જિલ્લામાં ખેડા તાલુકાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવશે. ત્યારે જિલ્લા કલેકટર શ્રી કે.એલ.બચાણીએ ઉપરોક્ત કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરશ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયાની હાજરીમાં પ્રજાસત્તાક દિન નિમિતે મીનીટ ટુ મીનીટ કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીએ પ્રજાસતાક દિન માટે યોજાનાર કાર્યક્રમ અન્વયે બેઠક વ્યવસ્થા, રાષ્ટ્ર ધ્વજ, પોડિયમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, સન્માન થનાર વ્યક્તિઓની યાદી, ટેબ્લો મેનેજમેન્ટ, પાર્કિંગ અને પરેડ નિરીક્ષણ કરી મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રજાસત્તાક દિન ઉજવણી અંતર્ગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, એમજીવીસીએલ, પશુપાલન શાખા, ખેતીવાડી કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આઈસીડીએસ, જિલ્લા આરોગ્ય કચેરી, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, વન વિભાગ, ડીઝાસ્ટર શાખા, વાસ્મો અને આર.ટી.ઓના વિવિધ વિષયો પર ટેબ્લો રજૂ કરવામાં આવશે. સાથે જ વિવિધ ક્ષેત્રોએ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ૧૪ લોકોનું સન્માન કરવામાં આવશે. ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયા, અધિક નિવાસી કલેક્ટરશ્રી ભરત જોષી, આસી. કલેક્ટરશ્રી અને પ્રાંત અધિકારીશ્રી ખેડા, ડો.અંચુ વિલ્સન સહિત જિલ્લાના તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.



તસ્વીર : સંતોષ જોશી બૂરોઈન ચીફ, સંતરામપુર

આજરોજ તારીખ ૨૪-૦૧-૨૦૨૪ ના રોજ જિલ્લાકક્ષા નું સંતરામપુર તાલુકા ખાતે Tobacco Task Force ની Drive કરવામાં આવી જેમાં માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને એપેડેમિક મેડીકલ ઓફીસરશ્રીના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી સંતરામપુર, ડિસ્ટ્રીક્ટ ડેટા મેનેજર શ્રી, તાલુકા સુપરવાઈઝરશ્રી, પીએચસી સુપરવાઈઝરશ્રી, તેમજ માન. પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબશ્રી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાહેબશ્રી, પોલીસ સ્ટાફ સાથે મળી તમાકું નિયંત્રણ હેઠળ ગામમાં ફરી પાન મસાલાની દુકાનમાં ચેકિંગ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ ૧૮ વર્ષથી નાની ઉંમરના બાળકો ને તમાકું ની કોઈ પણ પ્રોડક્ટ વહેંચવી દંડનીય ગુનો છે તેના સ્ટીકર લગાવવામાં આવ્યા.

# મુખ્ય ન્યાયાધીશ સુશ્રી સુનિતા અગ્રવાલની અધ્યક્ષતામાં ગુજરાત હાઇકોર્ટ ખાતે ન્યાયાધીશ શ્રી પ્રણવ શૈલેષ ત્રિવેદીનો શપથગ્રહણ સમારોહ યોજાયો

## ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલોની ઉપસ્થિતિ



। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત હાઈકોર્ટ ખાતે ન્યાયાધીશ શ્રી પ્રણવ શૈલેષ ત્રિવેદીનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. ગુજરાત હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ સુશ્રી સુનિતા અગ્રવાલે ન્યાયાધીશ શ્રી પ્રણવ શૈલેષ ત્રિવેદીને ગુજરાત હાઈકોર્ટેના ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટની ફર્સ્ટ કોર્ટમાં યોજાયેલા આ શપથગ્રહણ સમારોહમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જાણીતા એડવોકેટ શ્રી પ્રણવ શૈલેષ ત્રિવેદીને ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# જૂનાગઢમાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી અંતર્ગત 'તેજસ્વીની જિલ્લા પંચાયત' અને 'માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ' યોજાયો

## આંગણવાડીના બહેનોની ઉત્તમ કામગીરી બીરદાવતા જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર



। (માહિતી) જૂનાગઢ, તા.૨૪ ।

તા.૨૪, મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈસીડીએસ શાખા જિલ્લા પંચાયત જૂનાગઢ તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરી જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં 'તેજસ્વીની જિલ્લા પંચાયત' અને 'માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ' યોજાયો હતો.

આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, દીકરીઓ પ્રત્યેની બહુ મોટી જવાબદારી આપણા પર છે. સામાજિક રીતે હજુ પણ ગ્રામ્ય સમાજમાં ખૂબ ઓછી જાગૃતિ જોવા મળે છે. જિલ્લા પંચાયતો દ્વારા ગામડાની અંદર સર્વાંગી વિકાસ થાય, સ્વચ્છતા તેમજ લોકોનું આરોગ્ય જળવાઈ રહે, તેવા હેતુસર ખૂબ ઉત્તમ પ્રવૃત્તિ કરવામાં આવે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ વધે તે માટે આંગણવાડીના બહેનો દ્વારા અનેક કામગીરી થઈ રહી છે. ગર્ભાવસ્થા દરમિયાન બહેનોને કયા પ્રકારના ખોરાક અને આહાર લેવા જોઈએ અને શરીરમાં પોષક તત્વો જળવાઈ રહે એ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. ઉપરાંત બાળક જ્યારે મોટું થતું હોય ત્યારે આહાર અને પોષણનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે અને તૃણધાન્ય વાનગીઓ બનાવીને વિતરણ કરવામાં આવે છે. આ રીતે આંગણવાડીના બહેનો ખૂબ મોટી જવાબદારી નિભાવે છે. આમ કહી ઉત્તમ કામગીરી બદલ પ્રમુખશ્રીએ આંગણવાડીના તમામ બહેનોને હૃદયપૂર્વક શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે પ્રતિકાત્મક રીતે દીકરીઓના નામની નેમપ્લેટ, દીકરી વધામણા કીટ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ વિતરણ કરાયા હતાં. ઉપરાંત 'યશોદા એવોર્ડ' અંતર્ગત વિવિધ તાલુકાઓની આંગણવાડીના જુદા-જુદા ઘટકના વર્કર, હેલ્પર તેમજ મુખ્ય સેવિકા એમ કુલ મળી ૨૦થી વધુ આંગણવાડીના બહેનોને ઉત્તમ કામગીરી બદલ કુલ ૪,૫૦,૦૦૦થી વધુ રાશિથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

જ્યારે 'તેજસ્વીની જિલ્લા પંચાયત' કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની કાર્યપદ્ધતિથી વિદ્યાર્થીઓ માહિતગાર થાય એ રીતે બાલિકા પંચાયત પ્રમુખ અસ્મિતાબહેન મોરડિયા તેમજ અન્ય સભ્યોની જિલ્લા પંચાયતની સામાન્ય સભા દ્વારા પ્રજા તાંત્રિક મૂલ્યો અંગે સશક્તિકરણ, જન્મ અને શિક્ષણ આરોગ્ય અને પોષણ તથા જાતિગત સમાનતા, દીકરીઓના હક્ક અને અધિકાર, સામાજિક દુષણો વગેરે જેવા મુદ્દાઓને આવરી લઈ વિદ્યાર્થીનીઓની કમિટી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

# ખેડા ખાતે જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો



। (માહિતી) નડિયાદ, તા.૨૪ ।

જિલ્લા કલેકટર શ્રી કે.એલ.બચાણીની અધ્યક્ષતામાં ખેડા તાલુકા સેવા સદન ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગટર લાઈન, મંદિર પરિસર સફાઈ, ડિવાઈડર પર લાઈટ નાખવા, પોલીસ સ્ટેશનમાં કરેલ અરજીની કાર્યવાહી બાબતે, ટેનન્સી તગાવી મુક્તિ પ્રમાણપત્ર, સીટી સર્વે નકલ આપવા અને વિકાસના બાંધકામના કામો વર્ક ઓર્ડર મુજબ કરવા સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટરશ્રીએ પ્રશ્ન સંબંધિત વિભાગના અધિકારીઓને કાયદાકીય શરતો અને જોગવાઈ મુજબ નિશ્ચિત સમયગાળામાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા સૂચન કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

સ્વાગત કાર્યક્રમના મહત્વ ઉપર ભાર આપતા જિલ્લા કલેક્ટરશ્રીએ લોકોના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા તાકીદ કરી હતી. કચેરીઓમાં આવતા લોકો માટે પબ્લિક ફ્રેન્ડલી રિસ્પોન્સ, હેલ્પ ડેસ્ક, અરજીઓના બેકલોગની નિયમિત ચકાસણી દ્વારા પબ્લિક ફ્રેન્ડલી અભિગમ થી કામગીરી કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ખેડા પ્રાંત અધિકારી શ્રી, ખેડા તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પરિવારના સભ્યો સાથે સમય વિતાવવો આનંદદાયક સાબિત થશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે. કામના સંદર્ભમાં આજનો દિવસ ખૂબ જ સરસ વીતે એવું જણાય છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશે- જેની માટે તમને પછીથી પસ્તાવો થશે- આથી બોલતા પહેલા વિચારજો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. રૉમાન્સ માટે સારો દિવસ. તમે અનુભવશો કે તમારી રચનાત્મકતા ખોવાઈ ગઈ છે તથા નિર્ણય લેવામાં તમને ખૂબ જ મુશ્કેલી પડશે. તમારા શ્રેષ્ઠ મિત્રો સાથે, તમે આજે મફત સમય નો આનંદ માણવા માટે કોઈ વિચાર બનાવી શકો છો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી. આજે કરેલું રોકાણ લાભદાયી નીવડશે પણ તમારે કદાચ માતા-પિતા તરફથી વિરોધનો સામનો કરવો પડશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

## IPLમાં માર્કસ સ્ટોઈનિસ એક જ બોલ પર બે વાર આઉટ થયો હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

જેમ ક્રિકેટમાં મેચો સાથે જોડાયેલી ઘણી યાદગાર વાતો છે, તેવી જ રીતે આ જેન્ટલમેનની રમતમાં પણ કેટલીક વિચિત્ર ઘટનાઓ છે. આ રમતમાં નવીનતમ વિચિત્ર ઘટના દક્ષિણ આફ્રિકાની T20 લીગમાં જોવા મળી હતી, જ્યાં એક શક્તિશાળી બેટ્સમેન એક જ બોલ પર બે વાર આઉટ થતો જોવા મળ્યો હતો. સૌથી મોંઘો બેટ્સમેન માર્કસ સ્ટોઈનિસને IPL રમવા માટે ૯ કરોડ રૂપિયાથી વધુ મળે છે. પરંતુ, હવે તેનો એક જ બોલ પર બે વખત આઉટ થતો વીડિયો વાયરલ થયો છે. હવે પ્રશ્ન થયો હશે કે, આ કેવી રીતે થયું?.., માર્કસ સ્ટોઈનિસ એક જ બોલ પર બે વાર કેવી રીતે આઉટ થયો? તો જે મેચમાં આ બન્યું તે ૨૩ જાન્યુઆરીએ દક્ષિણ આફ્રિકા T20 લીગની બે ટીમો ડરબન સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ કેપટાઉન વચ્ચે રમાઈ હતી. માર્કસ આ મેચ જીતનારી ટીમ ડરબન સુપર જાયન્ટ્સનો ભાગ હતો. ૧૫૮ રનના ટાર્ગેટનો બચાવ કરતા ડરબન સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સ કેપટાઉનને ૩૬ રનથી હરાવ્યું હતું. કેપટાઉન સામે મુંબઈ ઈન્ડિયન્સની જીતમાં માર્કસ સ્ટોઈનિસ બેટ વડે કોઈ ખાસ યોગદાન આપી શક્યો નહોતો. તે માત્ર ૧૧ રનના સ્કોર પર આઉટ થયો હતો. પરંતુ તેણે જે રીતે તેની વિકેટ ગુમાવી તે ચોક્કસપણે ચર્ચાનો વિષય બની ગયો છે. ડરબન સુપર જાયન્ટ્સની ઈનિંગની ૧૫મી ઓવર ચાલી રહી હતી. ઓલી સ્ટોને આ ઓવરનો ચોથો બોલ થોડો શોર્ટ નાખ્યો. એક્સટ્રા બાઉંસના કારણે સ્ટોઈનિસ ચોંકી ગયો હતો અને શોટ રમવા માટે પોતાને એડજસ્ટ કરવાનો પ્રયાસ કરતી વખતે તે વખતે તે હિટ વિકેટ થયો હતો. આ દરમિયાન બોલ તેના બેટના કિનારા પર લાગ્યો અને તે સીધો સ્ક્વેર લેગ ફિલ્ડરના હાથમાં ગયો અને તે કેચ આઉટ પણ થયો હતો. આ રીતે માર્કસ સ્ટોઈનિસ એક જ બોલ પર બે વખત આઉટ થયો હતો. જો કે, તેના નામની આગળ રેકોર્ડ પર હિટ વિકેટનો શિકાર બન્યો તેમ જ લખવામાં આવ્યા છે. કદાચ એટલા માટે કે સ્ક્વેર લેગ પર કેચ લેવાય તે પહેલા જ તેણે બેટ વડે વિકેટને મારી દીધી હતી અને હીટ વિકેટ થયો હતો. ડરબન સુપર જાયન્ટ્સની જીતમાં માર્કસ સ્ટોઈનિસે ભલે બેટથી કોઈ મોટું યોગદાન ન આપ્યું હોય, પરંતુ બોલ વડે તેણે અસરકારક રીતે મુંબઈ ઈન્ડિયન્સ કેપટાઉનને હાર તરફ ધકેલી દીધું. સ્ટોઈનિસે આ મેચમાં ૪ ઓવરમાં ૧૮ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી.



હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ પહેલા ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપી હતી.

### હૈદ્રાબાદમાં આજથી ભારત-ઈંગ્લેન્ડ પ્રથમ ટેસ્ટ મેચ

## ભારત સામે ઈંગ્લેન્ડ તરફથી ટોમ હાર્ટલે આંતરરાષ્ટ્રીય ડેબ્યુ કરશે

### ભારત સામેની ટેસ્ટમાં બેન સ્ટોક્સની આગેવાની હેઠળની ટીમમાં ત્રણ સ્પિનરોનો સમાવેશ કરવામાં આવ્યો

। (એજન્સી) હૈદ્રાબાદ, તા.૨૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમાનાર છે. આ સીરિઝની પ્રથમ મેચ આવતીકાલે હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રમાશે. પ્રથમ ટેસ્ટ મેચના એક દિવસ પહેલા ઈંગ્લેન્ડની ટીમે તેની પ્લેઈંગ-૧૧ જાહેર કરી દીધી છે. આ ટીમમાં ઘણાં મેચ વિનર ખેલાડીઓ સામેલ છે. આ ટીમનું નેતૃત્વ ફરી એકવાર બેન સ્ટોક્સ કરતો જોવા મળશે. ઈંગ્લેન્ડ તરફથી ટોમ હાર્ટલે આંતરરાષ્ટ્રીય ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. પ્રથમ ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડની પ્લેઈંગ-૧૧ જાહેર થયા બાદ એ નક્કી થઈ ગયું છે કે ટોમ હાર્ટલે ટેસ્ટમાં ડેબ્યુ કરવા માટે તૈયાર છે. અત્યાર સુધી ટોમ હાર્ટલેએ ઈંગ્લેન્ડની ટીમ માટે એક પણ ટેસ્ટ મેચ રમી નથી. બેન સ્ટોક્સની આગેવાની હેઠળની ટીમમાં ત્રણ સ્પિનરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માત્ર એક ફાસ્ટ બોલર માર્ક વુડની પસંદગી કરવામાં આવી છે. આ સિવાય વિકેટકીપર બેન ફોક્સની પસંદગી કરવામાં આવી છે. જેક લીચ ઉપરાંત ટીમમાં રેહાન અહેમદની પણ પસંદગી થઈ છે. રેહાનની પાસે એક ટેસ્ટ મેચનો અનુભવ છે. આ સિવાય જો રૂટ પણ



સ્પિન કરી શકે છે. લીચ પણ લાંબા સમયથી મેદાનથી દૂર છે. ગત વર્ષે તે ઈજાના કારણે ઓસ્ટ્રેલિયા સામેની એશિઝ સીરિઝમાં રમ્યો ન હતો. આ સિવાય ઓલી પોપ પણ પરત ફર્યો છે. ઈજાના કારણે તે પણ એશિઝમાં રમ્યો ન હતો. ઈંગ્લેન્ડની ટીમે પ્લેઈંગ-૧૧માં ૬ બેટ્સમેન, ૧ વિકેટકીપર બેટ્સમેન, ૩ સ્પિનર અને ૧ ફાસ્ટ બોલરની પસંદગી કરી છે. જો કે કેપ્ટન બેન સ્ટોક્સ ફાસ્ટ બોલર તરીકે એક સારો વિકલ્પ છે પરંતુ તે ઈજાના કારણે બોલિંગ કરી શકશે નહીં. ભારતીય ટીમે હજુ પ્લેઈંગ-૧૧ જાહેર કરી નથી પરંતુ ટીમ ૩ સ્પિનર્સ અને ૨ ફાસ્ટ બોલર્સ સાથે મેદાનમાં ઉતરશે તે નક્કી છે. વિરાટ કોહલીની ગેરહાજરીના કારણે મિડલ ઓર્ડર થોડું નબળું દેખાઈ રહ્યું છે ૫ રંતુ કે.એલ રાહુલ અને શ્રેયસ અય્યર પાસે સ્પિન સામે રમવાનો સારો અનુભવ છે.

## ઈંગ્લેન્ડ સામે વિરાટ કોહલીના સ્થાને રજત પાટીદારને તક મળશે

### ભારત-એતરફથી રમતા રજત પાટીદારે ઇંગ્લેન્ડ લાયન્સ સામે ૧૫૧ રનની શાનદાર ઇનિંગ રમી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલથી શરુ થનાર ૫ મેચની ટેસ્ટ સીરિઝ માટે બીસીસીઆઈએ વિરાટ કોહલીના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી છે. વિરાટ કોહલીના સ્થાને રજત પાટીદારને તક મળી છે.

વિરાટ કોહલી અંગત કારણોસર પ્રથમ બે મેચ માટે ઉપલબ્ધ નથી. વિરાટની જગ્યાએ ટીમમાં સ્થાન મેળવનાર ખેલાડીઓમાં સરફરાઝ ખાનનું નામ પણ સામેલ હતું, પરંતુ હાલ સરફરાઝ ભારત-એટીમ સાથે જોડાયેલો રહેશે. રજત પાટીદાર પ્રથમ બે ટેસ્ટ મેચ માટે હૈદરાબાદમાં ભારતીય ટીમ સાથે જોડાઈ ગયો છે. મળેલા અહેવાલો મુજબ પાટીદારને શાનદાર ફોર્મનો ફાયદો મળ્યો છે અને સરફરાઝ ખાનના સ્થાને તેને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ભારત-એતરફથી રમતા રજત પાટીદારે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૧૫૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. અગાઉ અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે વિરાટ કોહલીના સ્થાને ચેતેશ્વર પુજારાને ભારતીય ટીમમાં સ્થાન મળી શકે છે. પુજારાએ રણજી ટ્રોફીમાં શાનદાર



પ્રદર્શન કર્યું છે અને હાલમાં જ તેણે બેવડી સદી પણ ફટકારી હતી. પરંતુ પુજારા માટે હવે ભારતીય ટીમના દરવાજા લગભગ બંધ થઈ ગયા છે. જયારે અજિંક્ય રહાણે રણજી ટ્રોફીમાં પણ કઈ ખાસ કરી શક્યો નથી. તેથી તેના પરત ફરવાની કોઈ શક્યતા નથી. ઈંગ્લેન્ડ સામેની સીરિઝ માટે ભારતે શુભમન ગિલ અને શ્રેયસ અય્યર જેવા યુવા ખેલાડીઓ પર જ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. જો કે જો આ બંને ખેલાડીઓ આ સીરિઝમાં સારું પ્રદર્શન કરી શકશે નહીં તો તેમનામાટે ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવું ઘણું મુશ્કેલ બની જશે.

**હિંદીમાં લખ્યું જય શ્રીરામ**

## રામ ભક્તિમાં લીન થયો ઇંગ્લેન્ડનો પૂર્વ ક્રિકેટર

### તસવીરને કેપ્શન આપતા તેણે લખ્યું, જય શ્રીરામ ઈન્ડિયા, હવે વોર્નરની જેમ પીટરસને પણ ભારતીય ચાહકોને ખુશ કરી દીધા છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ક્રિકેટર કેવિન પીટરસન ભગવાન રામની ભક્તિમાં લીન જોવા મળ્યો હતો. ગયા સોમવારે (૨૨ જાન્યુઆરી) અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઘણા ભારતીય ક્રિકેટરો હાજર રહ્યા હતા. હવે કેવિન પીટરસન પણ રામ ભક્તિના રંગમાં રંગાયેલો જોવા મળ્યો હતો. પીટરસને સોશિયલ મીડિયા પર હિન્દીમાં 'જય શ્રી રામ' લખ્યું હતું. પીટરસને પોતાની પોસ્ટથી બધાને ચોંકાવી દીધા હતા. આ પહેલા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરે સોશિયલ મીડિયા દ્વારા ભગવાન રામ પર પોસ્ટ કરીને ભારતીય ચાહકોના દિલ જીતી લીધા હતા. વોર્નરે સોશિયલ મીડિયા પર ભગવાન શ્રી રામની તસવીર શેર કરી હતી. તસવીરને કેપ્શન આપતા તેણે લખ્યું, જય શ્રીરામ ઈન્ડિયા. હવે વોર્નરની જેમ પીટરસને પણ ભારતીય ચાહકોને ખુશ કરી દીધા છે. નોંધનીય છે કે રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં ઘણા મોટા ક્રિકેટરોએ હાજરી આપી હતી, જેમાં સચિન તેંડુલકર પણ સામેલ હતા. આ સિવાય મહિલા ક્રિકેટરોમાં ભારતીય ટીમની પૂર્વ કેપ્ટન મિતાલી રાજે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ સિવાય પૂર્વ સ્પિનર અનિલ કુંબલે અને ફાસ્ટ બોલર આરપી સિંહ સહિત અન્ય ઘણા ક્રિકેટરો પણ અયોધ્યા પહોંચ્યા હતા. વર્તમાન ક્રિકેટરોમાં ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા તેની પત્ની રીવાબા સાથે કાર્યક્રમમાં ગયો હતો. નોંધનીય છે કે કેવિન પીટરસન ઈંગ્લેન્ડના તે ખેલાડીઓમાંથી એક હતો જે ત્રણેય ફોર્મેટમાં રમતો હતો. પીટરસને ૨૦૦૪ થી ૨૦૧૪ વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી હતી. આ સમયગાળા દરમિયાન તેણે ૧૦૪ ટેસ્ટ, ૧૩૬ વન-ડે અને ૩૭ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ટેસ્ટની ૧૮૧ ઈનિંગ્સમાં તેણે ૪૭.૨૮ની એવરેજથી ૮૧૮૧ રન બનાવ્યા હતા. આ સિવાય તેણે ODIની ૧૨૫ ઈનિંગ્સમાં ૪૦.૭૩ની એવરેજથી ૪૪૪૦ રન બનાવ્યા છે. T20 ઈન્ટરનેશનલની ૩૬ ઈનિંગ્સમાં તેણે ૩૭.૯૩ની એવરેજ અને ૧૪૧.૫૧ની સ્ટ્રાઇક રેટથી ૧૧૭૬ રન કર્યા હતા.

## ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે શ્રેણીની બીજી ટેસ્ટ મેચ પહેલા ઓસ્ટ્રેલિયા ટીમના વધુ બે સભ્યો કોરોનાગ્રસ્ત

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૫ જાન્યુઆરીથી ટેસ્ટ સિરીઝ શરૂ થઈ રહી છે, જેના પર તમામની નજર ટકેલી છે. પરંતુ તે જ દિવસે ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે શ્રેણીની બીજી મેચ પણ શરૂ થઈ રહી છે. બીજી ટેસ્ટ મેચ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમ માટે ખરાબ સમાચાર આવ્યા છે જે ડરામણા છે. ઓસ્ટ્રેલિયાના ઓપનર ટ્રેવિસ હેડ બાદ ટીમના વધુ બે સભ્યો કોરોનાગ્રસ્ત થયા છે. ઓસ્ટ્રેલિયન મીડિયા અનુસાર, ટીમના મુખ્ય કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડ અને ઓલરાઉન્ડર કેમરોન ગ્રીન કોરોનાથી સંક્રમિત થયા છે, જે બંનેનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

## રોહન બોપન્ના ઓસ્ટ્રેલિયન ઓપનની ડબલ્સની સેમિફાઈનલમાં પહોંચ્યો

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૪ ।

ભારતીય ટેનિસ ખેલાડી રોહન બોપન્નાએ ૪૩ વર્ષની ઉંમરે ઈતિહાસ રચી દીધો છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં રોહન બોપન્ના અને મેટ એબડેનની જોડી સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. બોપન્ના અને એબડેને ક્વાર્ટર ફાઈનલમાં આર્જેન્ટિનાના મેક્સિમો ગોન્ઝાલેઝ અને એન્ડ્રેસ મોલ્ટેની હરાવી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. આ જીત સાથે રોહન બોપન્ના અને મેટ એબડેન મેન્સ ડબલ્સ વર્લ્ડ રેંકિંગમાં ટોપ પર પહોંચી ગયા છે. ઓસ્ટ્રેલિયન ઓપનની ક્વાર્ટર ફાઈનલ મેચમાં આર્જેન્ટિનાના મેક્સિમો ગોન્ઝાલેઝ અને એન્ડ્રેસ મોલ્ટેનીનો સામનો રોહન બોપન્ના અને મેટ એબડેન સામે થયો હતો. પરંતુ રોહન બોપન્ના અને મેટ એબડેને આર્જેન્ટીનાના ખેલાડીઓને જીતવાની કોઈ તક આપી ન હતી. મેક્સિમો ગોન્ઝાલેઝ અને એન્ડ્રેસ મોલ્ટેનીનો ૬-૪, ૭-૬ (૭-૫)થી પરાજય થયો હતો. આ રીતે બોપન્ના અને એબડેનની જોડી ઓસ્ટ્રેલિયન ઓપનની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. ઉપરાંત રોહન બોપન્ના અને મેટ એબડેન મેન્સ ડબલ્સમાં વર્લ્ડ રેંકિંગમાં નંબર-૧ પર પહોંચી ગયા છે.ઓસ્ટ્રેલિયન ઓપનમાં અગાઉ ભારત અને ઓસ્ટ્રેલિયાની વર્લ્ડ રેંકિંગમાં બીજું સ્થાન ધરાવતી જોડીએ નેધરલેન્ડના વેસ્લી કૂલહોફ અને ક્રોએશિયાના નિકોલા મેકટિકની જોડીને સીધા સેટમાં હરાવી હતી.

# વિશેષ

### પ્રધાનમંત્રી ૨૫ જાન્યુઆરીનાં રોજ બુલંદશહર અને જયપુરની મુલાકાત લેશે

# પ્રધાનમંત્રી બુલંદશહરમાં રૂ. ૧૯,૧૦૦ કરોડથી વધારે મૂલ્યની વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે

### પ્રધાનમંત્રી –ગતિશક્તિ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગ્રેટર નોઇડામાં ઇન્ટિગ્રેટેડ ઔદ્યોગિક ટાઉનશિપ દેશને અર્પણ કરશે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૫ જાન્યુઆરીનાં રોજ ઉત્તરપ્રદેશમાં બુલંદશહર અને રાજસ્થાનનાં જયપુરની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી બપોરે લગભગ ૧:૪૫ વાગ્યે બુલંદશહરમાં રૂ. ૧૯,૧૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન કરશે અને દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ રેલવે, રોડ, ઓઈલ અને ગેસ તથા શહેરી વિકાસ અને હાઉસિંગ જેવા કેટલાંક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો સાથે સંબંધિત છે.

પ્રધાનમંત્રી સાંજે લગભગ ૫:૩૦ વાગે જયપુરમાં ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનું સ્વાગત કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે જંતર-મંતર, હવા મહેલ અને આલ્બર્ટ હોલ મ્યુઝિયમ સહિત શહેરમાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે.

ઉત્તરપ્રદેશમાં કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી વીડિયો કોન્ફરન્સિંગ મારફતે બંને સ્ટેશનો પરથી માલગાડીઓને લીલી ઝંડી આપીને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડીએફસી) પર ન્યૂ ખુર્જા-ન્યૂ રેવાડી વચ્ચે ૧૭૩ કિલોમીટરની લંબાઈ ધરાવતો ડબલ લાઈનનો ઈલેક્ટ્રિફાઈડ સેક્શન દેશને અર્પણ કરશે. આ નવો ડી.એફ.સી. વિભાગ મહત્વપૂર્ણ છે કારણ કે તે પશ્ચિમી અને પૂર્વી ડીએફસી વચ્ચે નિર્ણાયક જોડાણ સ્થાપિત કરે છે. વધુમાં, આ વિભાગ તેના ઈજનેરીના નોંધપાત્ર પરાક્રમ માટે પણ જાણીતો છે. તે 'એક કિલોમીટર લાંબી ડબલ લાઈન રેલ ટનલ ધરાવે છે, જેમાં હાઈ રાઈઝ ઈલેક્ટ્રિફિકેશન છે', જે વિશ્વમાં આ પ્રકારની પ્રથમ છે. આ ટનલને ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનોનું અવિરત સંચાલન કરવા માટે બનાવવામાં આવી છે. આ નવો ડીએફસી વિભાગ ડીએફસી ટ્રેક પર માલગાડીઓના સ્થળાંતરને કારણે પેસેન્જર ટ્રેનોના સંચાલનમાં સુધારો કરવામાં મદદ કરશે.

પ્રધાનમંત્રી મથુરા-પલવલ સેક્શન અને ચિપિયાણા બુઝુર્ગ-દાદરી સેક્શનને જોડતી ચોથી લાઈન પણ દેશને અર્પણ કરશે. આ નવી લાઈનો રાષ્ટ્રીય રાજધાનીનાં દક્ષિણ પશ્ચિમ અને પૂર્વ ભારત સાથેનાં રેલવે જોડાણમાં સુધારો કરશે.

પ્રધાનમંત્રી દેશને વિવિધ માર્ગ વિકાસલક્ષી પરિયોજનાઓ સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સમાં અલીગઢથી ભાડવાસ ફોર લેનિંગ કામ પેકેજ- ૧ (રાષ્ટ્રીય રાજમાર્ગ–૩૪નાં અલીગઢ-કાનપુર સેક્શનનો ભાગ) સામેલ છે. મેરઠથી કરનાલ સરહદને શામલી થઈને પહોળી કરવી (એનએચ-૭૦૯એ); અને રાષ્ટ્રીય રાજમાર્ગ – ૭૦૯ એડી પેકેજ – ૨નો શામલી-મુઝફ્ફરનગર વિભાગનું ફોર લેનિંગ કરવામાં આવશે. રોડ પ્રોજેક્ટ્સ. રૂ. ૫,૦૦૦ કરોડથી વધારેના ખર્ચે વિકસાવવામાં આવેલા આ રોડ પ્રોજેક્ટ્સ કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને આ વિસ્તારમાં આર્થિક વિકાસમાં મદદ કરશે.

કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી ઈન્ડિયન ઓઈલની ટુંડલા-ગવારિયા પાઈપલાઈનનું ઉદઘાટન પણ કરશે. લગભગ ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો આ ૨૫૫ કિલોમીટર લાંબો પાઈપલાઈન પ્રોજેક્ટ નિર્ધારિત સમય કરતા ઘણો વહેલો પૂરો થઈ ગયો છે. આ પ્રોજેક્ટથી મથુરા અને ટુંડલામાં પમ્પિંગ સુવિધાઓ સાથે બરૌની-કાનપુર પાઈપલાઈનનાં ટુંડલાથી ગવારિયા ટી-પોઈન્ટ સુધી પેટ્રોલિયમ ઉત્પાદનોનાં પરિવહનમાં મદદ મળશે તથા ટુંડલા, લખનઉ અને કાનપુરમાં ડિલિવરીની સુવિધા ઊભી થશે.

પ્રધાનમંત્રી ગ્રેટર નોઈડામાં ઈન્ટિગ્રેટેડ ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશિપ (આઈઆઈટીજીએન) દેશને પણ સમર્પિત કરશે. તેને પ્રધાનમંત્રી-ગતિશક્તિ હેઠળ માળખાગત કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સના સંકલિત આયોજન અને સંકલિત અમલીકરણના પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ વિકસાવવામાં આવ્યું છે. રૂ. ૧,૭૧૪ કરોડનાં ખર્ચે નિર્મિત આ પ્રોજેક્ટ ૭૪૭ એકરમાં ફેલાયેલો છે અને દક્ષિણમાં ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે અને પૂર્વમાં દિલ્હી-હાવડા બ્રોડગેજ રેલવે લાઈન સાથે ઈસ્ટર્ન અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનાં આંતરછેદ નજીક સ્થિત છે. આઈઆઈટીજીએનનું વ્યૂહાત્મક સ્થાન અપ્રતિમ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે, કારણ કે મલ્ટિ મોડલ કનેક્ટિવિટી માટે અન્ય માળખાગત સુવિધાઓ આ પ્રોજેક્ટની આસપાસમાં ઉપલબ્ધ છે, જેમાં નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસવે (૫ કિમી), યમુના એક્સપ્રેસવે (૧૦ કિમી), દિલ્હી એરપોર્ટ (૬૦ કિલોમીટર), જેવર એરપોર્ટ (૪૦ કિમી), અજૈબપુર રેલવે સ્ટેશન (૦.૫ કિમી) અને ન્યૂ દાદરી ડીએફસીસી સ્ટેશન (૧૦ કિમી)નો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ આ વિસ્તારમાં ઔદ્યોગિક વૃદ્ધિ, આર્થિક સમૃદ્ધિ અને સ્થાયી વિકાસને પ્રોત્સાહન આપવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નવીનીકરણ પામેલી મથુરા સુએઝ યોજનાનું ઉદઘાટન પણ કરશે, જેમાં આશરે રૂ. ૪૬૦ કરોડના ખર્ચે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)નું નિર્માણ સામેલ છે. આ કામમાં મસાણી ખાતે ૩૦ એમએલડી એસટીપીનું નિર્માણ, ટ્રાન્સ યમુના ખાતે હાલના ૩૦ એમએલડીનું પુનર્વસન અને મસાણી ખાતે ૬.૮ એમએલડી એસટીપીનું પુનર્વસન અને ૨૦ એમએલડી ટીટીઆરઓ પ્લાન્ટ (તૃતીયક સારવાર અને રિવર્સ ઓસ્મોસિસ પ્લાન્ટ)નું નિર્માણ સામેલ છે. પ્રધાનમંત્રી મુરાદાબાદ (રામગંગા) સુએઝ સિસ્ટમ અને એસટી પીના કામો (ફેઝ ૧)નું ઉદઘાટન પણ કરશે. આશરે રૂ. ૩૩૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ પ્રોજેક્ટમાં ૫૮ એમએલડી એસટીપી, આશરે ૨૬૪ કિલોમીટરનું સુએઝ નેટવર્ક અને મુરાદાબાદમાં રામગંગા નદીના પ્રદૂષણને દૂર કરવા માટે નવ સુએઝ પમ્પિંગ સ્ટેશનનો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### ખેરાલુ પીઆઈની સાંથલનાં સીપીઆઈ તરીકે બદલી કરાઈ

**। (એજન્સી) ખેરાલ, તા.૨૪ ।** મહેસાણા જિલ્લાના ખેરાલુમાં રવિવારે ભગવાન રામની શોભા યાત્રા પર પથ્થરમારો થયો હતો. જેમા સ્થાનીકોને ઈજા થઈ હતી. આ ઘટનાને રોકવા માં સ્થાનીક પ ોલિસ તંત્રની અસમર્થતા માટે ખેરાલુ પોલિસ ઈન્સપેક્ટર સિધ્ધાર્થ શ્રીપાલ જવાબદાર ગણી તેમની બદલી કરવામાં આવી છે. મહેસાણાનાં ખેરાલુમાં શોભાયાત્રા પર પથ્થરમારા મામલે પોલીસ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ખેરાલુ પીઆઈ સિદ્ધાર્થ શ્રીપાલની સાંથલના પીઆઈ તરીકે બદલી કરવામાં આવી છે. પથ્થરમારા મામલે ૧૫૦ જેટલા લોકોના ટોળા અને ૩૨ લોકો વિરૂદ્ધ નામ જોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પકડાયેલા ૧૫ આરોપી પૈકી ૨ આરોપી સગીર હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

### ઝાલોદ તાલુકાના લીમડી મથકમાં અજાણ્યા વાહનની અડફેટે આવતા યુવકનું મોત

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।** તારીખ ૨૩-૦૧-૨૦૨૪ ના રોજ અંદાજીત રાત્રીના ૦૮:૪૫ વાગે ઝાલોદ તાલુકાના લીમડી મથકના ખુટનખેડા ગામનો યુવક અવિનાશ રાકેશ પરમાર ઉ.૧૯ વર્ષ લીમડી ગોધરા રોડ પર પોતાનું વાહન GJ-20-BF-7955 લઈને જઈ રહેલ હતો તે દરમિયાન પલાસ પેટ્રોલ પંપ પાસે કોઈ અજાણ્યા પૂરપાટ આવતા વાહન સાથે અડફેટમાં આવી જતાં રોડ પર પટકાઈ જતાં માથા અને શરીરના ભાગે ઈજા થયેલ હતી. ઈજા થતાં તેના પરિવારજનો દ્વારા લીમડી સરકારી દવાખાનામાં લઈ જતા વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ હતો ત્યાં ડોક્ટર દ્વારા તપાસવામાં આવતા અકસ્માત થયેલ યુવકનું મોત થઈ ગયેલ જાણવા મળતા મૃતકના પરિવારજનો દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ લીમડી પોલિસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી.



શાહીબાગ નગરવાલા પોલીસ સ્ટેડિયમમાં પોલીસ સ્ટાફ દ્વારા ગ્રાન્ડ રિહર્સલના ભાગરૂપે પરેડ કરવામાં આવી હતી.

## FSIના ગોડાઉનના ડ્રાઈવરના ઘરેથી ગેરકાયદેસર અનાજના કટ્ટા મળ્યા

### તમામ જથ્થો જપ્ત કરી તેને શહેરા સરકારી ગોડાઉનમાં મોકલાયો છે તેમજ આ ત્રણેય ડ્રાઈવર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે



**। (એજન્સી) પંચમહાલ, તા.૨૪ ।** પંચમહાલમાં FSIના ગોડાઉનના ડ્રાઈવરના ઘરેથી ગેરકાયદે ચોખા અને ઘઉંના કટ્ટા મળી આવ્યા છે. મળતી માહિતી અનુસાર ત્રણ ડ્રાઈવરના ઘરેથી ગેરકાયદેસર ચોખા અને ઘઉંનો જથ્થો જપ્ત કર્યો છે.

પંચમહાલમાં FSIના ગોડાઉનના ડ્રાઈવરના ઘરેથી ગેરકાયદે ચોખા અને ઘઉંના કટ્ટા મળી આવ્યા છે. મળતી માહિતી અનુસાર ત્રણ ડ્રાઈવરના ઘરેથી ગેરકાયદેસર ચોખા અને ઘઉંનો જથ્થો જપ્ત કર્યો છે. તેમજ FSIના ગોડાઉનમાં ફરજ બજાવતા દલવાડા ગામના ડ્રાઈવરોના ઘરે તપાસ હાથ ધરવામાં આવી હતી. તમામ જથ્થો જપ્ત કરી તેને શહેરા સરકારી ગોડાઉનમાં મોકલાયો છે. તેમજ આ ત્રણેય ડ્રાઈવર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ આ અગાઉ પંચમહાલ જિલ્લાના ૭ સસ્તા અનાજના દુકાનદારોના પરવાના રદ કરાયા હતા. જિલ્લા પુરવઠા અધિકારીએ કરેલી આકસ્મિક તપાસમાં અનેક ગેરરીતિઓ સામે આવતા કાર્યવાહી કરાઈ હતી. ગોધરાના ૨ દુકાનદારો, હાલોલના ગોપીપુરા અને નાથકુવાના દુકાનદારોના પરવાના રદ કરાયા હતા. તો શહેરાની પાદરડી, નાદરવા અને સુરેલી ગામની સરકારી સસ્તા અનાજની દુકાનના પરવાના કાયમી રદ કરાયા હતા.

## ઝાલોદ નગરમાં 'સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી' નિમિત્તે "સ્વામી વિવેકાનંદ રમતોત્સવ" ની ઉજવણી કરવામાં આવી





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।** તા.૨૪/૦૧/૨૦૨૪ના રોજ "“સ્વામી વિવેકાનંદજી ની જન્મ જયંતી’’' નિમિત્તે ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ઝાલોદ નગરના સંયોજક અભય ભાટીયા દ્વારા ઝાલોદ નગરની શ્રીમતી પી.વી.પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ તથા નારાયણી પબ્લિક સ્કૂલના મેદાનમાં “સ્વામી વિવેકાનંદ રમતોત્સવ’’ ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સંગીત ખુરશી,રસ્સાખેચ,લંગડી જેવી પરંપરાગત પ્રાચીન રમતો રમાડવામાં આવી, જેમાં બંને શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા બંને શાળાના આચાર્ય અને કર્મચારીઓએ સુંદર સહકાર આપ્યોહતો.

ખેત મજૂરો જંગલી પ્રાણીઓના હુમલાના ભયથી પલાયન કરી રહ્યા છે

## રાજકોટના ખેડૂતોની દિવસે વીજળી આપવા માટે માંગ

### રાત્રે ખેતરોમાં દીપડાની દહેશત હોવાને કારણે ખેતરમાં પાણી વાળવા જવામાં ભારે ડર લાગે છે

**। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।** ગુજરાત એક ખેતીપ્રદાન રાજ્ય છે. જોકે, તેમ છતાં આજે પણ રાજ્યના ૧૮ હજાર ગામડાઓમાંથી ઘણાં ગામડાંઓ એવા છે જ્યાં દિવસને બદલે રાત્રે જ વિજળી મળી શકે છે. આ સમસ્યા આજકાલની નથી આ સમસ્યા વર્ષો જૂની છે. ત્યારે ફરી એકવાર રાજ્યના રાજકોટ જિલ્લાના ખેડૂતોએ આ અંગે સરકાર સામે બાંયો ચઢાવી છે. રાત્રે ખેતરોમાં દીપ ડાની દહેશત હોવાને કારણે ખેતરમાં પાણી વાળવા જવામાં ભારે ડર લાગે છે. એટલું નહીં રાત્રે ખેતરમાં લાઈટના હોવાને કારણે ગામમાંથી ઘણાં ખેડૂતોએ પાણી વાળવા જવાનું જ બંધ કરી દીધું છે. કારણે એ કામ બાકી રહી જાય છે. તેથી ખેડૂતો સરકાર પાસે દિવસે વીજળી આપવાની માંગ કરી રહ્યાં છે. ઠંડી અને વન્ય પ્રાણીઓના ભય વચ્ચે પાણી વાળવાની ખેડૂતોની મજબુરી બની ગઈ છે. જોકે, તેની સામે જીવનું જોખમ પણ રહેલું છે. દીપડાએ હુમલો કરતા ખેત મજૂરોનું ભયથી પલાયન થઈ રહ્યું છે. બને એટલી જલ્દી દિવસે વીજળી આપવાની માગ કરાઈ છે. રાજકોટમાં જંગલી પ્રાણીઓના હુમલાના ડર વચ્ચે ખેડૂતો રવિ પાકને પિયત આપવા જવા માટે મજબૂર થયા છે. કડકડતી ઠંડી વચ્ચે ખેડૂતો રાત્રે પાણી વાળવા જઈ રહ્યા છે અને એમાં પણ એકધારો વીજ પ્રવાહ ન મળતો હોવાથી ખેડૂતો વધારે પરેશાન થઈ રહ્યા છે.

થોડા દિવસ પહેલા દીપડાએ ખેત મજૂર પર હુમલો કરતા ડર વધ્યો છે. ખેત મજૂરો જંગલી પ્રાણીઓના હુમલાના ભયથી પલાયન કરી રહ્યા છે. ત્યારે ખેડૂતો દિવસે વીજળી આપવાની માંગ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છેકે, હમણાં ૩ દિવસ પહેલાં જ જેતપુરના થાણાગાલોર ગામમાં ખેતરમાં કામ કરી રહેલ ખેત મજૂર ઉપર દીપડાએ હુમલો કરતા તેમને ઈજા પહોંચી હતી, જેને કારણે ખેત મજૂરોમાં ભયનો માહોલ છવાયો છે અને મજૂરો પલાયન કરવા લાગ્યા છે.

જેથી ખેડૂતો માટે ખેતી કરવી પણ મુશ્કેલ બની છે. ખેત મજૂર પર દીપડાએ હુમલો કર્યા બાદ વન વિભાગે દીપડાને પાંજરે પુરવા માટે એક પાંજરું પણ ગોઠવ્યું છે.

## વસ્ત્રાપુર સરકારી વસાહતમાં આપઘાતનો બનાવ બન્યો

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।** અમદાવાદના વસ્ત્રાપુર સરકારી વસાહતમાં આપઘાતનો બનાવ બન્યો છે. ત્યારે વસ્ત્રાપુર સરકારી વસાહતમાં બહારથી મહિલા આવીને ૧૩ માળે પડતું મૂક્યુ હતુ. મહિલા બહારથી ફલેટમાં આવી આપઘાત કર્યો હતો. જો કે આપઘાતનું કારણ અકબંધ છે. તેમજ ઘટનાની જાણથતા તાત્કાલિક ધોરણે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદના વસ્ત્રાપુર સરકારી વસાહતમાં આપઘાતનો બનાવ બન્યો છે.ત્યારે વસ્ત્રાપુર સરકારી વસાહતમાં બહારથી મહિલા આવીને ૧૩ માળે પડતું મૂક્યુ હતુ. મહિલા બહારથી ફલેટમાં આવી આપઘાત કર્યો હતો. જો કે આપઘાતનું કારણ અકબંધ છે. તેમજ ઘટનાની જાણથતા તાત્કાલિક ધોરણે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ શરુ કરી છે. બીજી તરફ આ અગાઉ અમદાવાદના વેજલપુરમાં કલર મર્ચન્ટ કો ઓપરેટિવ બેંકના ત્રાસથી કંટાળીને સંદિપ પરમાર નામના યુવકે ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. આપઘાતના એક દિવસ પછી મૃતકના ભાઈ કુલદીપ પરમારે મર્ચન્ટ્સ કોઓપરેટિવ બેંકની સેટેલાઈટ બ્રાન્ચના મેનેજર અતુલ શાહ, એજન્ટ ચિંતન શાહ, સબ એજન્ટ હિરેન સોમપુરા અને પવન સોમપુરા તેમજ સુરેશ સહિતના ૫ લોકો વિરુદ્ધ દૂષપેરણાની ફરિયાદ નોંધાવી હતી. આ અગાઉ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના દાવડા ગામે પથુખાડ વિસ્તારમાં એક આધેડના આપઘાતથી ચકચાર મચ્યો હતો. આક્ષેપ હતો કે સામાજિક બહિષ્કારથી કંટાળીને આધેડે આપઘાત કર્યો હતો. મૃતકની સુસાઈડ નોટમાં લખવામાં આવ્યુ હતુ કે સમાજના પ્રમુખ-ઉપપ્રમુખ, કમિટી સભ્યો મળી કુલ ૧૪ લોકોએ તેમને મરવા મજબૂર કર્યા હતા.















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨